# સહજ-સત્સંગ

Year : 2 Issue : 16 Dt. 1-5-2016 Page - 52 માસિક





# મા મીરાંબિકા

If nothing in all the universe is so frail as man,
nothing like wise is so divine as he !
- The Mother

### માનવની દિવ્યતા અજોડ

માનવી જેવો નથી, કોઈ નબળો આ વિશ્વમાં,
તો તેના જેવો દિવ્યપણ, ન શોધ્યો જડે આ જગતમાં.

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

## પ્રભુનો આદેશ

(તા.૧૪,૧૬,૧૭,૨૩.૧૦.૧૯૧૪ - પૃ.૧૯૩-૧૯૫)



અમે વિશ્વના સ્વામી પ્રતિ, એનાથી પણ પર જે તત્ છે તેના પ્રતિ એક નવા પ્રકાશ માટેની મહાન અભીપ્સા સાથે અભિમુખ બનીએ છીએ. આખી પૃથ્વી હાથમાં એક માંદા બાળક જેવી છે. એનો રોગ મટાડવાનો છે (૧૪-૧૦-૧૪)

..... તારી પૂર્ણ ચેતના જે વિશ્વથી પર રહેલ સકલ અજ્ઞાત તત્ત્વ છે, તેના અદ્‌ભૂત પ્રવેશ દ્વાર જેવી તે (નીરવ શાંતિની શાશ્વતી) છે તેમાંથી જતા દેખાતા અવિકારી અસ્તિત્વમાં બધું જ સિદ્ધ બનીને રહેલું છે..... અને પરદો હઠી જાય છે શબ્દાતીત જ્યોતિથી સભર બનીને આ સમાચાર અમે સૃષ્ટિને આપીએ છીએ. (૧૬.૧૦.૧૪)

પ્રભુ, તારો સંકલ્પ છે કે મારે હંમેશા વધુ વિસ્તૃત માર્ગ સરખા બની રહેવું જેથી તારી શક્તિઓ જગતમાં વરસે..... પ્રભુ તારો સંકલ્પ સિદ્ધ થાઓ.

વિઘ્ન માત્ર જિતાઈ જશે અને શત્રુઓ શાંતિ આપશે. પૃથ્વી ઉપર તારા પરમપ્રેમ દ્વારા શાસન કરશે. માનવોની ચેતનાને તારી શાંતિના પ્રકાશથી સભર બનાવશે.

આખુંય સ્વરૂપ તૈયાર છે અને વાટ જુએ છે. નિક્રિય નીરવતામાં, જ્યાં સુધી તું તારી જાતનો આવિર્ભાવ કરવાનો સંકલ્પ કરે ત્યાં સુધી રાહ જુએ છે. (૨૩.૧૦.૧૪)

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રભુનો આદેશ) | ૩ | (દિવ્યશક્તિઓને આંતરિક આમંત્રણ) | ૩૩ |
| **શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન** (પૂર્વ ભૂમિકા) | ૬ | **સાંજના વાર્તાલાપો** (દેવોના સ્વરૂપો) | ૩૬ |
| **દિવ્યજીવન** (વૈદિક વારસો) | ૮ | **વેદવિજ્ઞાન** (ઋભુગણ) | ૩૮ |
| **માતૃવાણી** (દિલની સચ્ચાઈ) | ૧૧ | **મધર્સ એજંડા** (ઉત્ક્રાંતિનું સાધન : ભૌતિક શરીર) | ૩૯ |
| **સાવિત્રી** (પુરુષની આધીનતા) | ૧૬ | **યોગનાં મૂળતત્ત્વો** (અનુભૂતિઓ અને સૂક્ષ્મ દર્શનો) | ૪૧ |
| **યોગ વિષે પત્રો** (સક્રિય અને નિષ્ક્રિય સાક્ષાત્કાર) | ૨૦ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (વિરોધી - શક્તિઓનું દિવ્ય - કાર્ય (૬૮) | ૪૫ |
| **ઉપનિષદો** (નિષ્કર્ષ અને સારાંશ) | ૨૪ | **જાતક કથાઓ** (આદત કરે લાચાર) | ૪૭ |
| **વેદ-રહસ્ય** (સૂર્ય, સવિતૃનું સ્વરૂપ ) | ૨૭ | **શ્રી ચંપકલાલ નિર્વાણદિન - ૯ મે** | ૪૮ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (અતિમાનસિકરણની શરતો) | ૨૯ | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |
| **યોગ પર દીપ્તિઓ** | | | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**

અંક : ૧૬ વર્ષ : ૨

મે - ૨૦૧૪

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩ ૭૩૯૨૯**

૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
અન્યો કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટથી **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**

# પ્રભુનો આદેશ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી વિશ્વના સ્વામી પ્રતિ અભીપ્સા પૂર્ણ હૃદયથી જાય છે. તેઓ તે જગન્નાથની ઉપર રહેલા 'તત્' પ્રતિ પણ સભાન છે.

પૃથ્વી માતાજીને માંદા બાળક જેવી લાગે છે, જેનો વિકાસ યોગ્ય માર્ગે અને યોગ્ય રીતે નથી થઈ રહ્યો. માતાજી અને શ્રી અરવિન્દ બન્ને તે માંદા જગત ઉપર વધુ સ્નેહ વરસાવે છે કારણ તેને તેમના મદદની જરૂર છે.

માતાજી પેલી દિવ્ય - નીરવતામાં જ ધ્યાનમગ્ન થઈ જાય છે. માતાજી અનુભવે છે કે તે નીરવતા તેની પણ પાછળ રહેલી પ્રભુની અવ્યક્ત ચેતનાનું જાણે પ્રવેશદ્વાર છે અને પેલા અવ્યક્ત તત્ત્વમાં બધું પ્રથમથી જ રહેલું છે. માતાજી તે અવ્યક્તને અનુભવવાનો પ્રયત્ન કરતા હોય છે ત્યારે જ પરદો હઠી જાય છે અને માતાજીને અસીમ જ્યોતિનાં દર્શન થાય છે. માતાજી જાણે છે કે તે જ અતિમનસ તત્ત્વ છે. માતાજી જગતને આ નવા તત્ત્વની જાણકારી જગતને આપવાનો સંકલ્પ કરે છે.

પ્રભુ તેમને સમજાવે છે કે તે માટે તેમણે સતત ખુલ્લા રહેવું પડશે, જેથી અતિમનસ તત્ત્વ અને અન્ય વૈશ્વિક બળો તેમની મારફત જગતમાં ઠલવાય અને પછી ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં સહભાગી થાય. પ્રભુનો આ સંકલ્પ હોવાથી તે સિદ્ધ થશે જ એવી માતાજીના હૈયે ધારણા છે.

તે અતિમનસની ઉત્ક્રાંતિમાંનો પ્રવેશ વિવિધ પરિણામ સર્જશે. પ્રથમ તો ઉત્ક્રાંતિના નવા તબક્કામાં આવતા બધાં વિઘ્નો જીતાઈ જશે અને તે ફરી વિઘ્નો નિર્માણ ન કરતાં શાંત થઈ જશે. અંતે પ્રભુના આયોજન મુજબ જ અતિમનસ જગત પૃથ્વી ઉપર રચાશે અને તેની દ્વારા પ્રભુ રાજ કરશે. ત્રીજુ, માનવજાતિમાંના જે તૈયાર હશે તેમની ચેતના શાંતિ અને પ્રકાશનો પોતે આંતરિક અનુભવ કરશે.

માતાજી જણાવે છે કે તેમનું સ્વરૂપ ઉપર મુજબ તૈયાર થઈને જ બેઠું છે અને પ્રભુના આગામી આદેશની વાટ જોઈ રહ્યું છે. માતાજી પેલી પ્રકાશમય નીરવતામાં સ્થિર છે અને પ્રભુના ભાવિ આદેશ સુધી તે જ સ્થિતિમાં એકાગ્ર થઈને રહેવા માગે છે.

# શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

## પૂર્વભૂમિકા

(ગતાંકથી ચાલુ)

### (૪) પૂર્ણયોગ છે રૂપાંતરનો યોગ :

માનવપ્રકૃતિનું દિવ્યપ્રકૃતિમાં રૂપાંતર કરવાનો આ નવો જ યોગ શ્રી અરવિન્દે માનવજાતિને આપ્યો છે. શ્રી અરવિન્દના આ યોગમાં આપણી માનવપ્રકૃતિના ત્રણેય કરણો, મન, પ્રાણ અને શરીરને પરમાત્માની પરમ ચેતના - અતિમનસ ચેતનાથી સંચારિત કરીને તેને દિવ્ય બનાવવાના છે. શ્રી અરવિન્દ કહે છે, ''આપણે એક પૂર્ણ રૂપાંતર, શરીર અને તેની સર્વ પ્રવૃત્તિઓનું રૂપાંતર માગીએ છીએ. પણ બીજું કંઈ પણ કાર્ય હાથમાં લઈએ તે પહેલાં આપણે ચેતનાનું રૂપાંતર કઈ રીતે થાય ? શ્રી અરવિન્દે પત્રોમાં સાધકોને આ અંગે પણ માર્ગદર્શન આપ્યું છે. માનવપ્રકૃતિ કઈ રાતોરાત બદલાઈ જતી નથી. આ રૂપાંતર ધીમે ધીમે થાય છે. સહુ પ્રથમ તો આપણે આપણી અંદર રહેલા પરમાત્માના દિવ્ય તેજોમય અંશ એટલે કે આપણા આત્માનો સાક્ષાત્કાર કરવાનો રહે છે. એ પછી આત્મા પરમાત્માની સીધી દોરવણી હેઠળ હોવાથી, તે પરમાત્માના સતત સંપર્કમાં હોય છે. આત્માની અભીપ્સાથી પરમાત્માની દિવ્ય ચેતના આપણા મનમાં, પ્રાણમાં અને છેવટે દેહમાં ઊતરીને કાર્ય કરે છે. ત્યાર પછી સામાન્ય મન જ્યોતિર્મય બને, પ્રાણશક્તિ પરમાત્માની સંકલ્પ શક્તિ બને છે અને દેહના કોષોમાં પણ ભગવાનની શક્તિ કાર્ય કરતી બને છે, ત્યારે એ કોષોનું પણ રૂપાંતર થવા લાગે છે. જ્યારે સંપૂર્ણ રૂપાંતર સિદ્ધ થાય ત્યારે તો દેહ પણ દિવ્ય બની જાય છે. આ રીતે રૂપાંતરની સાધના દ્વારા દિવ્યજીવન અને દિવ્ય શરીરની પ્રાપ્તિ થાય છે. શ્રી અરવિન્દે પોતાની અંદર અતિમનસ શક્તિનું અવતરણ દ્વારા આ રૂપાંતરની સાધના સિદ્ધ કરી માનવજાતિને માટે

દિવ્યજીવનની શક્યતા સ્થાપી આપી.

(૫) **પૂર્ણયોગમાં છે, આરોહણ અને અવતરણ :**

દિવ્યચેતનામાં આરોહણ અને દિવ્યચેતનાનું માનવચેતનામાં અવતરણ એ પણ શ્રી અરવિન્દનું વિશિષ્ટ પ્રદાન છે. શ્રી અરવિન્દના પૂર્ણયોગમાં એક સાથે બેવડી ક્રિયા કરવાની છે. અત્યાર સુધીના યોગમાં મનુષ્યો ભગવાનનો સાક્ષાત્કાર કરતા હતા. એટલે કે ભગવાન પ્રત્યે આરોહણ થતું હતું. પછી સાક્ષાત્કાર પામેલા મનુષ્યો મુક્તિ પામી જતા હતા. શ્રી અરવિન્દ કહે છે કે ભગવાન પ્રત્યે આરોહિત થઈને એ પરમ તત્ત્વમાં ઓગળી જવાનું નથી, પણ ભગવાનને જીવનમાં નીચે લાવવાના છે. એટલે કે ભગવાનના પ્રકાશને છેક સ્થૂલભૂમિકામાં સક્રિય કરવાનો છે. આ વિશે શ્રી અરવિન્દે જણાવ્યું હતું કે ''પૂર્ણયોગ વિશ્વમાં સામાન્ય મનોમય ચેતનાથી માંડીને છેક અતિમનસ દિવ્યચેતના સુધી ચૈતન્યની જે બધી સીડીઓ આવેલી છે, તે તમામને ચઢવા માંગે છે. અને પોતાનું આરોહણ સંપૂર્ણ બની રહે ત્યારે પોતે સિદ્ધ કરેલી અતિમનસ ચેતના અને શક્તિને પોતાની સાથે લઈ આવીને આ સ્થૂલ જગતમાં ઓતપ્રોત કરવા માંગે છે. આ રીતે ક્રમે ક્રમે સ્થૂલ જગતને અતિમનસ અને દિવ્યજગત રૂપે પલટી નાખવા માંગે છે.

એટલે કે આ યોગની સાધનામાં જેમ જેમ આગળ વધે છે. તેમ તેમ મનની ભૂમિકાઓ બદલાતી જાય છે. મનથી ઉપર ઊર્ધ્વમન, પ્રકાશિત મન, પ્રેરણાત્મક મન અને અધિમનસ આ ચૈતન્યની સઘળી ભૂમિકાઓ પાર કરીને મનુષ્ય અતિમનસ ચેતના - ભગવાન સુધી પહોંચે છે. પછી ભગવાનની એ ચેતના અને શક્તિને છેક સામાન્ય મન, પ્રાણ ને શરીરના કોષો સુધી ઊતારી લાવવાની ક્રિયા છે. અવતરણની ક્રિયાની શ્રી અરવિન્દ સમજૂતી આપતાં કહે છે, ''આ યોગ એમ માંગે છે કે મન, પ્રાણ અને શરીરની અંદર તેનું રૂપાંતર કરવા માટે પૂરેપૂરું અવતરણ કરે''. શ્રી અરવિન્દે અતિમનસ શક્તિને પોતાના દેહકોષો સુધી ઉતારી હતી. જ્યારે એમણે દેહત્યાગ કર્યો ત્યારે આ શક્તિ એમના સમગ્ર દેહમાં પાંચ દિવસ સુધી રહી હતી અને દેહમાં મૃત્યુનું કોઈ ચિહ્ન જણાયું ન હતું. આ શ્રી અરવિન્દની સાધનાની સર્વોચ્ચ સિદ્ધિ ગણાવી શકાય. (ક્રમશઃ)

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

## વૈદિક વારસો

પ્રકરણ - ૮

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આનો અર્થ એ છે કે પ્રાણીઓમાં મનોમય કોષનો વિકાસ ન હોવા છતાં તેઓમાં બીજ સ્વરૂપે, અવિકસિત અથવા સુપ્ત અવસ્થામાં મનોમય કોષ તો હોય જ છે, અને આ જ સિદ્ધાંતને અનુસરીને કહેવાય કે મનના ઉપરનાં વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષ પણ બીજરૂપે પ્રાણીમાત્રમાં હોય છે. તે સક્રિય હોતા નથી એટલું જ. અથવા તેમની સક્રિયતા બાબત પ્રાણીઓ અભાન હોય છે એટલું જ. આ કોષો અભ્યાસ અને અનુભવોથી વિકાસ પામતા હોય છે.

અનુભવ લેવા નિસર્ગે આપણને ઇન્દ્રિયો આપેલી હોય છે. ઇન્દ્રિયો બે પ્રકારની છે. આંખ, કાન, નાક, જીભ અને ત્વચા આમને બાહ્ય ઇન્દ્રિયો કહેવામાં આવે છે. તેઓ બાહ્ય જગતનાં સંવેદનોને ધારણ કરીને અંદર મોકલે છે. કુદરતે આ બાહ્ય ઇન્દ્રિયો સિવાય આપણને આંતરઇન્દ્રિયો પણ આપેલી છે. ઇન્દ્રિયોને સંસ્કૃતમાં 'કરણ' કહે છે. કરણ એટલે સાધન. તેથી આંતર ઇન્દ્રિયોને અંતઃકરણ કહે છે. આ અંતઃકરણ જે રીતે કાર્ય કરે છે તેના કાર્યાનુસાર તેમના ચાર વિભાગો પાડ્યાં છે.

અંતઃકરણ બાહ્ય ઇન્દ્રિયોએ અંદર મોકલેલા સંવેદનોને તો સ્વીકારે જ છે, તે સિવાય શરીરની અંદરથી આવતા સંવેદનોને પણ સ્વીકારે છે. આ સિવાય ત્રીજા પ્રકારનાં પણ સંવેદનો હોય છે. તે સંવેદનો શરીરની અંદરથી કે બહારથી આ ભૌતિક જગતમાંથી નથી આવતા, પણ ઊર્ધ્વમાંના જગતોમાંથી આવતા હોય

છે. તેવા સંવેદનોને પણ સ્વીકારવાની ક્ષમતા અંતઃકરણમાં છે.

અંતઃકરણના જે ચાર કાર્યો છે તે નીચે મુજબનાં છે.

(૧) શરીર બહારથી, શરીરની અંદરથી કે ઊર્ધ્વ પ્રદેશમાંથી આવતા સંવેદનોને સ્વીકારી તેમનું વહન કરીને તેમનું અર્થ ઘટન અને સમજણ મેળવવા તેમને બુદ્ધિ સામે રજૂ કરવાનું કામ મન કરે છે. શરીર બહારથી આવતા સંવેદનો અને શરીરમાંથી આવતા સંવેદનોને ગ્રહણ કરવાનું કામ મનનું જે સ્તર કરે છે તેને શારીરિક મન કહેવાય છે, સૂક્ષ્મ જગતમાંથી કે ઊર્ધ્વ જગતમાંથી આવતા સંવેદનોના વિવિધ સ્તરો હોય છે. અને તે સ્તરોનુસાર પ્રાણમય મન, મનોમય મન, ઊર્ધ્વમન મન, અંતઃપ્રેરણાત્મક મન વગેરે તેમને ગ્રહણ કરે છે. ભાવનાત્મક સંવેદનો પ્રાણમય મનને સ્પર્શે છે. ચિંતાનામક સંવેદનો મનોમય મનને, બુદ્ધિથી ઊર્ધ્વમાંથી આવતાં સંવેદનો ઊર્ધ્વમન અને તેથી પણ ઉપરથી આવતાં સંવેદનો અંતઃપ્રેરણાત્મક મનને સ્પર્શે છે. આ બધાં જ પ્રકારના સંવેદનોને મન બુદ્ધિ સામે સમજણ મેળવવા રજૂ કરે છે. આવા સંવેદનો ખરેખર તો જ્યાંથી નિર્માણ થયાં હોય તેના સ્વરૂપ અનુસારનાં હોય છે. અને મન તેને પોતાના જુના સંસ્કારોના પ્રભાવ નીચે થોડા જુદી રીતે સમજે છે જે સંવેદનો જેવા છે તેવા જ સ્વીકારવામાં આવ્યા હોય તેને 'સંકલ્પ' કહેવાય છે. સંકલ્પ એટલે સમ + કલ્પ. મને તેને તે વસ્તુએ જે સ્વરૂપે મોકલેલાં છે તે સ્વરૂપે જ ગ્રહણ કરેલાં હોય તો તેને સમ + કલ્પ કહેવામાં આવે છે. સમ + કલ્પ એટલે તે મુજબ જ મને તેમને ગ્રહણ કરેલાં છે. અન્ય સંવેદનો જો મને થોડા જુદી રૂપે સ્વીકારેલાં હોય તો તેને 'વિકલ્પ' કહેવામાં આવે છે. વિ + કલ્પ એટલે થોડાક જુદી રૂપે ગ્રહણ કરેલાં સંવેદનો. તેથી મનને 'સંકલ્પ વિકલ્પાત્મક મનઃ' કહેવામાં આવે છે. મન જાણતા અજાણતા પોતાનું થોડું ઉમેરી દે જ છે. આને જ આજે આપણે મનનાં subjective and objective aspects કહીએ છીએ.

આવી રીતે અંતઃકરણનો જે ભાગ સંવેદનોને ધારણ કરે છે અને વહન કરે છે તેમને 'મન' કહેવાય છે. મન આવા સંવેદનોને તેનો અર્થ સમજવા બુદ્ધિ સામે રજૂ કરે છે. બુદ્ધિ તે સંવેદનોનું અર્ધઘટન કરે છે તેથી તેને 'નિશ્ચયાત્મિકા બુદ્ધિ'

કહેવામાં આવે છે. સંવેદનોનો નિશ્ચિત અર્થ લગાડવો એ બુદ્ધનું કાર્ય છે. આ બાબતમાં બુદ્ધિ ચિત્તની મદદ લે છે ચિત્ત પોતાની અંદર ભૂતકાળના અનુભવોને 'સ્મૃતિ' સ્વરૂપે સંગ્રહી રાખે છે અને બુદ્ધિને તેમાંથી જરૂરીયાત મુજબની સ્મૃતિને સંસ્કારોને સંદર્ભ માટે રજૂરાખે છે.

અંતઃકરણનો ત્રીજો વિભાગ ચિત્ત છે. તે બે કામ કરે છે. પ્રથમ એટલે ઉપર જણાવેલા સ્મૃતિ સંસ્કારો સંગ્રહી રાખવાનું કામ કરે છે. બીજું તે સંસ્કારો સાથે એકરૂપ થઈને તેની માનસપ્રતિમાઓ સર્જે છે.

ચિત્તમાં આ વિશેષ ક્ષમતા છે. તે બ્રહ્માંડમાંની કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે ઘટના સાથે એકરૂપતા સ્થાપી શકે છે. આને આપણે વ્યવહારમાં 'તન્મય' થઈ જવું એમ કહીએ છીએ. પણ 'તન્મય'નો અર્થ જ છે કે તેના સ્વરૂપ થઈ જવું (તન્ + મય) ચિત્તમાં આ ક્ષમતા તેમાં રહેલ અભીપ્સાની ક્ષમતાને કારણે છે. અભીપ્સામાં તમને ધ્યાનમાં લઈ જવાની ક્ષમતા છે. અને ધ્યાનમાં પોતાની મેળે તન્મયતા આવી જ જતી હોય છે.

આ તન્મયતા અથવા તાદાત્મ્યભાવ શા માટે આવે છે તેનું સ્પષ્ટીકરણ શાસ્ત્રો નીચે મુજબ આપે છે. ચિત્ પોતાને તદ્દન શાંત, નિર્મળ, નિશ્ચળ કરી શકે છે. તેથી સ્થિર સરોવરમાં અથવા અરિસામાં જેમ સામેની વસ્તુનું પ્રતિબિંબ પડે છે તેવું તાદ્દશ પ્રતિબિંબ ચિત્તમાં પડે છે. તેની સાથે ચિત્ત એકરૂપતા સાધે છે આને જ શાસ્ત્રો 'પ્રાકામ્ય' ક્ષમતા કહે છે. પ્રાકામ્ય એટલે તીવ્ર ઈચ્છા. ધ્યાનની પ્રક્કિયામાં આ જ કારણે ચિત્તશુદ્ધિ અને ચિત્તની એકાગ્રતાનું મહત્ત્વ છે. આ પ્રાકામ્ય અથવા તન્મયતાની ક્ષમતાને કારણે ચિત્ત ભૂતકાળના પ્રસંગોને સ્મૃતિચિત્રો તરીકે સંગ્રહી શકે છે. તે સિવાય સામેની વસ્તુના અંતરંગની સ્થિતિ પણ જાણી શકે છે. આ પ્રક્રિયાને તાદાત્મ્ય દ્વારા જ્ઞાન અથવા Knowledge by identity કહે છે. દિવ્ય જ્ઞાન મેળવવામાં, આ જ પદ્ધતિ આપણે વિકસાવવી પડે છે.

બુદ્ધિ સૂક્ષ્મ બની ગઈ હોય તો આવા દિવ્ય અને ઉર્ધ્વનાં સંવેદનોનું અર્થઘટન કરવાની ક્ષમતા પણ પોતે વિકસાવે છે. એવું ગીતા જણાવે છે. (ક્રમશઃ)

# માતૃવાણી

- શ્રી માતાજી

### અવતરણો

## દિલની સચ્ચાઈ

(માતૃવાણી - ૪, પૃ. ૮૧-૮૯)
પ્રકરણ - ૪૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ આત્મ - સમર્પણ એટલે શું ? તેમાં તમારી જાતને સંપૂર્ણપણે ભગવાનને સોંપી દેવાની રહે છે..... યોગ તમારે કરવાનો રહેતો નથી. એ ભગવાન પોતે કરે છે. પૃ.૮૧

૨ તપશ્ચર્યા કરવાની હોય છે, ત્યારે યોગ પણ તમારે જ કરવાનો હોય છે. પૃ.૮૧

૩ યોગસાધના શરૂ કરવાની પહેલી અસર - ક્ષુધિત વાસનાઓ..... એકદમ જાગૃત અને મુક્ત થઈ જાય છે..... ઉપર ધસી આવે છે. પૃ.૮૨

૪ તમને તે બાબતમાં વિચારો આવે તો પણ તેનાથી અલિપ્ત અને ઉદાસીન રહેવું જોઈએ. પૃ.૮૨

૫ આ વસ્તુ આપણામાં..... આંતર-સ્વરૂપ ઉપરનો વિશ્વાસ માંગી લે છે. પૃ.૮૨

૬ તમારે તમારી અંદર છૂપા પડેલા અંધારા ખૂણાઓ શોધી કાઢવા, તેમનામાં શુભ ભાવનાઓનો નાનો સરખો તણખો મૂકવો. પૃ.૮૪

૭ જો તમારે દિવ્યજીવન પ્રાપ્ત કરવું હોય તો તમારી સોબત અને તમારી પરિસ્થિતિ વિષે તમારે ઘણા સાવચેત રહેવું પડશે. પૃ.૮૫

૮ આધ્યાત્મિક-જગતમાં તમારે..... પ્રભુ સાથે કામ પાડવાનું હોય છે..... ભગવાન તો તમે જાણો છો તેથી વધુ (તમારા વિષે) જાણે છે. પૃ.૮૫

૯ તમારામાં તમે પૂરતા પ્રમાણમાં સભાન નથી. પૃ.૮૬

**૧૦ જેમ જેમ તમે (સાધનામાં) આગળ વધતા જશો તેમ તેમ તમારા લક્ષમાં આવશે કે જેને તમે સંપૂર્ણ (યોગનો) નિશ્ચય માનતા હતા તે ખરું જોતાં, જોઈએ તેટલો સંપૂર્ણ નથી. પૃ.૮૮**

**૧૧ તમારા પ્રાણને એ બાબતની પ્રતીતિ થવી જોઈએ કે તેનામાં જે કોઈ આવેગો આવે તેમની સામે તેણે મોરચો માંડવાનો રહે છે. પૃ.૮૮**

**૧૨ પ્રાણમય-સ્વરૂપમાં સાધના માટે.... તે પહેલાં તમારા મનના ઉચ્ચમાં ઉચ્ચ ભાગમાં કોઈ જ્યોતિ પ્રગટ થવાની શરૂઆત થઈ ગએલી હોવી જોઈએ..... જે તમને કોઈ ઊર્ધ્વમાંની ચેતના સાથે કે તમારા ચૈત્યસ્વરૂપ સાથે સંબંધમાં મૂકી આપે. પૃ.૮૯**

**૧૩ તમારું સમગ્ર-વલણ એ જ્યોતિના પાયા ઉપર સ્થાપિત રહેવું જોઈએ જેથી..... તમારું મન, તમારો પ્રાણ અને છેવટે તમારું શરીર પણ યોગ્ય રીતે સમજી શકે. પૃ.૮૯**

❖

માતાજી વાર્તાલાપોમાંથી બીજું પ્રકરણ વાંચી રહ્યાં છે :

‘‘યોગસાધના કરવાનાં બે માર્ગ છે : એક તપસ્યાનો અને બીજો આત્મસમર્પણનો.’’

‘‘માતાજી, આત્મસમર્પણ એટલે શું?’’

‘‘પોતાની જાતને સંપૂર્ણ રીતે પ્રભુને સોંપી દેવી એ જ, બેટા, આત્મસર્પણ છે. પ્રભુને સોંપી દેવાનો અર્થ છે- પ્રભુ પોતે જ તમારી દ્વારા યોગસાધના કરી રહ્યાં છે, એવો સતત ભાવ રાખવો. તમારી દરેક ક્રિયા - વિચારો, ભાવનાઓ, પ્રેરણાઓ, કર્મો બધાંનું જ સંચાલન પ્રભુ કરી રહ્યાં છે; તે જ તમારા જીવનરથનો સારથિ છે; તમે માત્ર કરણ છો, સાધન છો. આનો અર્થ એ કે સાધના અને યોગ કેવી રીતે કરવો તેનો નિર્ણય પ્રભુ જ લે છે. તેને લક્ષ્ય પ્રાપ્ત કરવાની ઉતાવળ હોતી નથી. પ્રભુની જ જવાબદારી છે. આપણે તેનું કોઈ અભિમાન કે ગર્વ લેવાનું નથી. નમ્રતાનો ભાવ ત્યાં હોય છે, કર્તાનો ભાવ હોતો જ નથી. પ્રભુ સાથે તમે જોડાઈ ગયાં છો એવો ભાવ હોય છે, તેથી જ તેને યોગ કહે છે. યોગ એટલે સંયોગ - જોડાવું. તપસ્યાના બીજા માર્ગમાં પણ યોગ તો હોય જ છે પણ

તે સંયોગ જોડવાનો અને સાચવવાની જવાબદારી સાધકની એટલે કે આપણી રહે છે. સાધક ધારે છે કે તે પોતે જ પોતાના સંકલ્પબળે સાધના કરી રહ્યો છે. તેની જવાબદારી તેની પોતાની છે. આ કર્તાભાવ તેમાં હોય છે. તેને પોતાની સાધના વહેલી તકે પૂરી થાય એવી ખેવના હોય છે.''

માતાજી આગળ વાંચે છે :

''યોગસાધનાની પહેલી અસર એ હોય છે કે માનવનો પોતાની ઉપરનો માનસિક સંયમ દૂર થઈ જાય છે, તેથી ક્ષુધિત વાસનાઓ જાગૃત, મુક્ત થઈ સાધકની ચેતના ઉપર આક્રમણ કરે છે.''

''આ માટે શું કરવું ?''

માતાજી ઉપાયો દર્શાવે છે :

૧ વાસના નિર્માણ થાય તો તે તરફ ધ્યાન ન દેતા અન્ય વિષયોમાં મન પરોવવું.

૨ કાંઈક સદ્-વાચન કરવું.

૩ પોતાને પ્રભુનું સંરક્ષણ છે એવો દૃઢભાવ ધારણ કરવો.

૪ વાસનાને પ્રગટ થતાં અટકાવવી, તેથી તેની શક્તિ પોતાની મેળે નબળી પડી જાય છે.

૫ અલિપ્ત અને ઉદાસીન રહેવું

વાસનાને દબાવી દેવા કરતાં ઉપરની વસ્તુઓ કરવી અઘરી છે. વાસનાથી નિર્લેપ રહીને તેને જોવી અઘરી છે. પણ આના સિવાય તેને જીતવાનો અન્ય માર્ગ નથી. નિર્લેપ રહેવા માટે આપણા શુદ્ધ-આંતરસ્વરૂપની ક્ષમતા ઉપર દૃઢ-શ્રદ્ધા હોવી જરૂરી હોય છે અને તે ટકી રહેવી જોઈએ. આવનારી મુશ્કેલીઓ અવચેતનની રમત છે એમ જોતાં શીખવું જોઈએ અને હરપ્રસંગે તેની સામે ઝઝૂમવાનો દૃઢ નિશ્ચય હોવો જોઈએ. બહાવરા કે વ્યાકુળ થવાથી મુશ્કેલી વધી જાય છે, ઘટતી નથી.

''આવી મુશ્કેલીઓ આવવાનું કારણ શું ?''

''આપણા સ્વરૂપનો અમુક ભાગ સાધના કરવા ઈચ્છે છે. અમુક ભાગ જૂની ઘરેડમાં જીવવા માગે છે. આ પરસ્પર ગતિ અને વિસંવાદ જ આ મુશ્કેલીઓનું

કારણ છે. વાસનાને આપણા સ્વરૂપનો કોઈ પણ ભાગ પ્રતિભાવ ન આપે તો વાસના ટકી શકતી જ નથી.''

''આ વિસંવાદ ટાળવા શું કરવું જોઈએ?''

''તે માટે 'સંપૂર્ણપણે દિલની સચ્ચાઈ' હોવી જરૂરી છે. ''મારાથી બનતું મેં કર્યું'' આ સંપૂર્ણપણે દિલની સચ્ચાઈ નથી. તમે સાચા દિલથી પ્રયત્ન કરો તો તે પ્રયત્ન નિષ્ફળ જતો જ નથી. વિભાજીત સ્વરૂપ સંપૂર્ણ દિલની સચ્ચાઈ જાળવી શકતું નથી. તે અવિભાજીત રહે ત્યારે તે આવે છે.

આપણે આપણી ચેતનાના સ્વામી બનવા જન્મ્યાં છીએ, ગુલામ રહેવા માટે નહીં.

''આનો ઉપાય શો?''

''આપણાં સ્વરૂપમાંના અંધારિયા ખૂણા શોધી ત્યાં સભાનતાનો પ્રકાશ સ્થાપો, શુભભાવનાને ત્યાં સ્થાપો; તેથી ત્યાંનો અવચેતનનો પ્રભાવ નષ્ટ થશે.''

માતાજી આગળ વાંચે છે :

''તમે સામાન્ય-જીવન ગાળતા હો ત્યાં સુધી સંસારના લોકોમાં હળોમળો તે સ્વાભાવિક છે, પણ તમારે જો દિવ્ય-જીવન જીવવું હોય તો સોબત અને પરિસ્થિતિ વિષે સાવચેત રહેતાં શીખવું પડશે.

પહેલાનાં જમાનામાં તપસ્વી લોકો આ પ્રશ્ન હલ કરવા જંગલમાં જતા રહેતા, પણ લોકો તેમને છોડતા નથી. મહાત્માનો સંત્સંગ કરવા પહોંચી જ જાય છે અને આવો તપસ્વી પછી તૈયારી વગર ઉપદેશ આપવા માંડે છે. આથી તો પરિસ્થિતિ વધારે બગડે છે. તમે લોકોને ફસાવી શકો છો, પ્રભુને નહિ; તેથી સાધનાનો પ્રથમ નિયમ એ છે કે પોતાની અનુભૂતિઓ જગજાહેર કરો નહિ. ફક્ત ગુરુને સ્પષ્ટીકરણ મેળવવા જણાવવી. શક્ય એટલું મૌન રહો. જિજ્ઞાસુને સાધના વિષે જણાવતા શાસ્ત્રોના આધારે કે સંતોના પ્રસંગોના આધારે વાત કરો. તટસ્થતા કેળવો. પોતાને ગુરુપદે સ્થાપો નહીં. સામાન્ય માનવની જેમ રહો. સાચા સાધક બનો. પ્રકૃતિનું રૂપાંતર કરો.''

‘‘માતાજી, રૂપાંતરનો સંકલ્પ શું પ્રાણમય-પુરુષ નથી લેતો ?’’

‘‘ના, ફક્ત પ્રાણમય સ્વરૂપનો નિર્ણય નકામો નીવડે છે; કારણ તે જ વિકારોને જલદી આધીન થાય છે. આપણા સ્વરૂપમાંનાં બધાં જ સ્વરૂપોનો સંઘટિત નિર્ણય જ યશસ્વી થાય છે. પ્રાણને પણ આજ્ઞાંકિત કરવો જ પડે છે. શરીર આજ્ઞાંકિત હોય જ છે પણ તેનામાં કોની આજ્ઞા માનવી તેનો વિવેક હોતો નથી.’’

‘‘તો પછી કોની આજ્ઞા સ્વીકારવી જોઈએ ?’’

‘‘આપણાં મનનાં ઊર્ધ્વપ્રદેશોમાં પ્રથમ જ્યોતિ સ્થિર થવી જરૂરી છે. તે પ્રભુના સંકલ્પોને નીચે અવતરણ પામવાનું માધ્યમ પૂરું પાડે છે. પ્રભુના સંકલ્પો જે આંતરપ્રેરણા તરીકે ચિત્તને અનુભવાય છે તે અનુસાર જ મન, પ્રાણ, શરીરે વર્તવાનું હોય છે. ઉપર જે પ્રકાશ અનુભવાય છે તે ચૈત્યપુરુષનો હોય છે. તેની દ્વારા જ પ્રભુની પ્રેરણાઓ પ્રગટ થાય છે અને સાધનાની સાચી સમજણ પેદા થાય છે અને પછી જ પૂર્ણપણે દિલની સચ્ચાઈ સ્થાપિત થાય છે.’’

---

(પૃ.૫૦ ઉપરથી)

## શ્રી ચંપકલાલ નિર્વાણદિન - ૯ મે

ઉદ્દેશીને સિદ્ધ કરવાને સમર્થ બને. એક નીચેથી એટલે માનવમાંથી સાદ કરતી સ્થિર અને જાગૃત અભીપ્સા તમન્ના - ધગશ તથા બીજી ઊર્ધ્વમાંથી એનો પ્રત્યુત્તર આપની પ્રભુની પરમ કરુણા’’

શ્રી ચંપકલાલ અભીપ્સાનો આધારસ્તંભ હોઈ તેમના પ્રત્યેક કાર્યમાં ઉપર પ્રભુની કરૂણા જ અવતરતી હોય છે. આથી તેમના દેહ ત્યાગના કાર્યમાં પણ પરમ પ્રભુની કરુણા છે.

આપણે સૌ શ્રી ચંપકલાલની જેમ જીવન વ્યતિત કરીએ ને મા ભગવતીના ભાગરૂપ બનીએ એવી શ્રી ચંપકલાલના નિર્વાણદિને કરુણામયી માને પ્રાર્થના.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## પુરુષની આધીનતા

પ્રકરણ-૧૩૫

(Savitri B-1, C-4, P-62)

A glance can make his whole day wonderful,
A word from her lips with happiness wings the hours.
He leans on her for all he does and is:
He builds on her largesses his proud fortunate days
And trails his peacock-plumaged joy of life
And suns in the glory of her passing smile.
In a thousand ways he serves her royal needs;
He makes the hours pivot around her will.
Makes all reflect her whims: all is their play:
This whole wide world is only he and she.

જગન્માતાના એક જ નેત્રકટાક્ષથી (glance) તેનો આખો દિવસ સુધરી જાય છે અર્થાત્ પરા-પ્રકૃતિનો અમથો ક્ષણિક-આવિર્ભાવ પણ પુરુષને પોતાના સત્ય-સ્વરૂપની ઝાંખી કરાવી તેને દિવ્યાનંદમાં મગ્ન કરી આપે છે. આ ક્ષણિક આવિર્ભાવ જાણે પુરુષ માટે પ્રકૃતિના મધુર બોલ બની જાય છે (word) અને તેથી તે અત્યાનંદમાં સમય ક્યારે પસાર થઈ જાય છે તેની પણ તેને ખબર હોતી નથી. જાણે સમયને પાંખો ફૂટી હોય છે (wings the hours) પુરુષનો પ્રકૃતિ પ્રત્યેનો માતૃભાવ છલકાઈ ઊઠે છે. તેને ખબર છે કે જગન્માતાની કૃપા વગર તે કાંઈ કરી શકતો નથી અને આજે જે છે તે પણ તેની કૃપાથી જ (he does and

is) પોતાની સાધનાકીય પ્રગતિનાં દિવસોનો(proud fortunate days) આધાર પ્રકૃતિ કેટલી વિશાળતા ધારણ કરે છે તેના પર હોવાથી તે તેવો પ્રયત્ન સતત કરતો રહે છે અને જીવનમાંના મોરપંખી વિવિધ રંગી આનંદોને જાણે વીણતો હોય છે. તેવે વખતે પુરુષને લાગે છે કે જાણે તેનો ચહેરો જગન્માતાના એક સ્મિતને લીધે ઊજળી છે. પુરુષ અનેકવિધ પ્રકારે જગન્માતાનો ચેતનાના વિકાસને આગળ ધપાવવાનો જે ભવ્ય પ્રયત્ન છે તેમાં સહભાગી બને છે તે તો જે જગન્માતા ઇચ્છે તે મુજબ જ કરવાની ઇચ્છા ધરાવે છે અને તેને જ જીવનનું કેન્દ્રિય સત્ય ગણે છે. ઘણી વખત તો જગન્માતાનો હેતુ ખૂબ જ ગૂઢ કે લાંબા ભવિષ્યમાંનો હોવાથી હાલમાં તેમનું કાર્ય એક તરંગી કાર્ય લાગે છે, છતાં પુરુષ તે મુજબ જ કાર્ય કરે છે. સમગ્રજગતમાં આવી રીતે પુરુષ અને પ્રકૃતિની રમત ચાલી રહી છે. રાસ રચાઈ રહ્યો છે. સાચી વાત તો એ છે કે સમગ્રબહ્માંડમાં પુરુષ અને પ્રકૃતિ સિવાય (he and she) કોઈ અન્ય વસ્તુ જ નથી.

This is the knot that ties together the stars:
The Two who are one are the secret of all power.
The Two who are one are the might and right in things.
His soul, silent, supports the world and her.
His acts are her commandment's registers.
Happy, inert he lies beneath her feet:
His breast he offers for her cosmic dance
Of which our lives are the quivering theater,
And none could bear but for his strength within.
Yet none would leave because of his delight.

આ પુરુષ અને પ્રકૃતિના પરસ્પર પ્રેમનું બંધન (knot) જ સમગ્ર જગતને, આ નભોગણમાંના તારલાઓને સાથે બાંધી રાખે છે. ખરેખર બન્ને એક જ છે. એક નિષ્ક્રિય પાસું એક સક્રિય પાસું. બન્ને પરમ ચેતનાના જ અવિભાજ્ય પાસાં જ છે. નિષ્ક્રિય પાસાંમાં (પુરુષમાં) પરમ-ચેતનાનો સંકલ્પ હોય છે અને સક્રિય પાસાંમાં (પ્રકૃતિમાં) તેને વાસ્તવિક કરવાની ક્ષમતા. બન્નેના સંયોગથી જ

જગતમાં દેખાતી બધી વૈશ્વિક શક્તિઓ નિર્માણ થયેલી છે (secret of all power) આમ, દરેક વસ્તુમાંનો સંકલ્પ એ તે વસ્તુમાંનું સત્ય હોય છે (right) અને તે સંકલ્પને સિદ્ધ કરવાની ક્ષમતા એ તે વસ્તુની તાકાત (might) હોય છે. પુરુષ જે શાંત, સ્થિર આત્મસ્વરૂપ છે (soul) તે સમગ્રજગતને અને પ્રકૃતિને પણ આધાર પૂરો પાડે છે અને તેણે કરેલા કાર્ય એ પ્રકૃતિની આજ્ઞા દર્શાવતી નોંધપોથી છે (commandment's registers) અર્થાત્ પ્રકૃતિની પ્રેરણા અને શક્તિથી જ તે સક્રિય બની કાર્ય કરી શકે છે.

ખરેખર તો તેનો સ્વભાવ આત્મસ્થ રહેવાનો છે. જગન્માતાના કાર્યકલાપને આધાર આપવા જાણે તે આનંદથી જગન્માતાનાં ચરણો તળે શવની જેવે સૂતો હોય છે. જગન્માતાના ખેલાતા વૈશ્વિક નાટક માટે જાણે તે પોતાની છાતી તેમને આધારભૂમિ તરીકે અર્પે છે. જગન્માતાના આ વૈશ્વિક-નર્તનની તે નાટ્યભૂમિ બની જાય છે. આ નર્તન આપણા જ જીવનમાં સદૈવ ચાલતું હોય છે. જગન્માતાના પદન્યાસથી આપણું જીવન સુખદુઃખોનાં આઘાતથી જાણે ધ્રૂજતું હોય છે (quivering theatre) આ આઘાતો તો પુરુષની પોતાની આંતર-શક્તિ અને (strength within) નિર્લેપતા જ જીરવી શકે છે અને તેથી બધાં જ તત્ત્વો તેની નિર્લેપતાને વધારે દૃઢ કરવા જાણે સાથ સહકાર આપતાં હોય છે. આ બધી જ પરિસ્થિતિમાં પુરુષતત્ત્વ પોતાનો આનંદ વ્યક્ત કરતો હોય છે. તે જાણે જણાવતો હોય છે કે મારો આનંદનો આધાર કે કારણ બાહ્ય પરિસ્થિતિ મુદ્દલે નથી તે તો સનાતન આતંરિક સ્વભાવ છે.

His works, his thoughts have been devised by her,
His being is a mirror vast of hers:
Active,inspired by her he speaks and moves;
His deeds obey her heart's unspoken demands:
Passive, he bears the impacts of the world
As if her touches shaping his soul and life:
His journey through the days is her sun-march;

He runs upon her roads; hers is his course

જે વિવિધ પરિસ્થિતિઓ મારફત પુરુષ-તત્ત્વ પોતાનો આંતરિક આનંદ પ્રગટ કરે છે તે છે તેનાં કર્મો (works) , તેના વિચારો વગેરે તે બધાંને કેવો ઘાટ આપવો એ જગન્માતા પોતે નિર્ણય લે છે (devised by her) પુરુષ તો નિર્લેપભાવે અસીમ અરીસાની જેમ રહે છે, જેમાં ભગવતી પ્રકૃતિ પોતાનું જ પ્રતિબિંબ જોતી હોય છે પણ બહારથી એમ જ લાગે છે જાણે પુરુષનાં કર્મો, વિચારોનું સમગ્ર સંચાલન અને તેનાં વાણી-વર્તનનાં સ્વરૂપનો ઘાટ જગન્માતા જ રચી રહી છે. પુરુષ તો જાણે જગન્માતાના વણકથ્યાં ભાવોને સમજી જાય છે અને તે મુજબ જ વર્તે છે. પોતાની ચેતનાના અનંત વિસ્તારમાં તે જગન્માતાએ રચેલાં જગતને ધારણ કરે છે અને જાણે તેનાં પરિણામોમાં ગૂંચવાઈ ગયો હોય (impacts) એવું જણાવે છે પણ ખરેખર તો તે તદ્દન નિર્લેપતામાં જ રહેતો હોય છે (Passive) બહારથી તો એવું લાગે છે કે જગન્માતા તેના આત્માને પોતાની ઈચ્છા મુજબ નવો ઘાટ આપી રહી છે. તે તો આ રીતે જીવન જીવાતી જીવન-ધારામાં વહેતો દેખાતો હોવા છતાં નિર્લેપતાના વિવિધ પાસાંઓને ખીલવી પોતાની સાચી ઓળખાણને જ જાણે માણતો હોય છે. તે તેને પોતાની જ દિવ્ય-ચેતના રૂપી સૂર્ય તરફનું પ્રયાણ (sun-march) લાગે છે. જીવનને જે કાંઈ દિશા આપી હોય તે જ માર્ગે તે પોતાનો વિકાસ સાધે છે. જગન્માતાએ નિશ્ચિત કરેલી જીવન-લીલા એ જ તેની પોતાની જાણે પસંદગી બની જાય છે (his course)


## શ્રી માતાજીને અર્પણ

'સહજ-સત્સંગ' એટલે પૂર્ણ ભાગવત કાર્ય. આ અમૂલ્ય સાહિત્ય હોઈ તેનું લવાજમ શ્રી માતાજીને અર્પણ તરીકે રૂા.૧૫૦/- આપ મોકલી શકો છો. તે આપના જીવનમાં આધ્યાત્મ માર્ગે વધુ પ્રગતિ માટેનું સાધન બની રહેશે. આપણે પ્રભુને કરેલું આ અર્પણ સાર્થક બની રહેશે.

અમારા આ કાર્યમાં આપનો સહયોગ મળતો રહેશે તેવી અમને પૂર્ણ શ્રદ્ધા છે.

**વ્યવસ્થાપક : સહજ સત્સંગ**

## યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# સક્રિય અને નિષ્ક્રિય સાક્ષાત્કાર

(ભા.-૧, પૃ.૩૧૮-૩૨૧)

પ્રકરણ - ૧૧

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ સ્વરૂપમાં રહેલી દરેક ભૂમિકા ઉપરની આ દ્વિવિધતા (પુરુષ અને પ્રકૃતિ) તે કેવળ..... ચૈતસિક-તત્ત્વ વિશે જ સાચું નથી, પરંતુ મનોમય, પ્રાણમય અને શારીરિક પુરુષ વિષે પણ તે પ્રમાણે છે. પૃ.૩૧૮

૨ તૈતરિય ઉપનિષદ પુરુષની બીજી બે ભૂમિકાઓ વિશે પણ કહે છે. એક જ્ઞાનની (વિજ્ઞાનમય)..... અને બીજી આનંદની ભૂમિકા. પૃ.૩૧૮

૩ વ્યક્તિગત આત્માનું..... પરાત્પરતત્ત્વ અને વિશ્વરૂપ આત્માના અંશ તરીકે વર્ણન કરવામાં આવે છે. પૃ.૩૧૯

૪ કેન્દ્રસ્થ સ્વરૂપ (જીવાત્મા) અન આત્મા (ચૈત્યપુરુષ)..... તેઓ બન્ને એક જ તત્ત્વનાં બે પાસાંઓ છે. પૃ.૩૧૯

૫ વિશ્વરૂપ આત્મતત્ત્વ તે પરમાત્માનો અંશ નહીં પરંતુ પરમાત્માનું એક સ્વરૂપ છે. પૃ.૩૧૯

૬ આત્મા મૂળભૂત સ્વરૂપે પરમાત્મા પોતે જ છે. પૃ.૩૧૯

૭ પરમાત્મા આત્મા કરતાં વિશેષ હોય છે. તે પ્રકૃતિ પણ હોય છે અને પોતાની અંદર સર્વ વસ્તુઓને ધારણ કરે છે. પૃ.૩૨૦

૮ સક્રિય સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા માટે પુરુષને પ્રકૃતિની ગુંલામીમાંથી છોડાવવી એટલું પૂરતું નથી..... નિમ્નપ્રકૃતિ સાથેના..... સહયોગને બદલે

**પરમ દિવ્યશક્તિ મા ભગવતી સાથે તેણે સંબંધ કરવાનો છે. પૃ.૩૨૦**

**૯ પ્રકૃતિની યાંત્રિકતા એ દિવ્ય-ભગવતી મા નથી. પૃ.૩૨૦**

**૧૦ આધ્યાત્મિક - વિકાસ સાધીને તે (માનવ) પરાપ્રકૃતિ વિશે સભાન બને છે અને તેના સંપર્કમાં આવવા.... તેમાં આરોહણ કરી શકે છે..... (તે) નિમ્નપ્રકૃતિમાં રૂપાંતર સાધી શકે છે. પૃ.૩૨૧**

યોગિક અનુભૂતિમાં પરમાત્મ - તત્ત્વ જ સર્વ આવિર્ભાવોનો આધાર અને મૂળસ્રોત અનુભવાય છે. આપણી વ્યક્તિગત - ચેતના (જીવાત્મા) પણ પ્રભુના અંશ તરીકે જ અનુભવાય છે. આ એકમાત્ર તત્ત્વ આવિર્ભાવની પ્રક્રિયામાં બે સ્વરૂપે વિભાજીત થાય છે. આવિર્ભાવની પ્રક્રિયા સમગ્ર પરમાત્મ-તત્ત્વમાં ચાલતી નથી પણ તેના એક અંશમાં મર્યાદિત ક્ષેત્રમાં જ ચાલતી હોય છે. અમર્યાદ, અસીમ પરમાત્મ - તત્ત્વ તો આવિર્ભાવની પ્રક્રિયાથી અસ્પર્શ્ય જ રહે છે. આમ પરમાત્મતત્ત્વ જ બે સ્વરૂપે જાણે વિભાજીત થાય છે. આવિર્ભાવની પ્રક્રિયામાં સામેલ થઈ જગરૂપ બનવા પ્રવૃત થએલ આત્મતત્ત્વ અને આવિર્ભાવ પ્રક્રિયાથી અલગ રહી તેને સાક્ષીભૂત થઈ જોતું, અનુભવતું આત્મતત્ત્વ. પ્રથમ પાસાને પ્રકૃતિ કહેવાય છે. બીજા પાસાને પુરુષ. પ્રકૃતિ એટલે આવિર્ભાવની કૃતિમાં પ્રક્રિયામાં મુકાએલ આત્મતત્ત્વનો અંશ (પ્ર+કૃતિ) પુરુષ એટલે આ આવિર્ભાવની પ્રક્રિયાથી ઘેરાયેલો હોવા છતાં (પુરમ્) તેથી અલિપ્ત રહેતું આત્મતત્ત્વ (પુરં શેતે ઇતિ પુરુષઃ)

અંતિમ સાક્ષાત્કારમાં ફરી આ બન્ને વિભાજીત પાસાં જોડાઈને એકરૂપ થઈ જાય છે, તેથી તે અવસ્થાને કૈવલ્ય (કેવલમ્, આત્માસ્થિતિ) કહે છે.

જીવાત્મા જે પરમાત્માનો અંશ છે તેણે પ્રભુની અનંત શક્યતાઓ પૈકી એક શક્યતાને વાસ્તવિક કરવાનો સંકલ્પ ધારણ કરેલ હોય છે, તેને જ (ઋતમ્‌ને) વાસ્તવિક સત્ય કરવા જીવાત્મા પોતાનું એક સક્રિય સ્વરૂપ દિવ્યપ્રકૃતિમાં રચે છે. તે છે ચૈત્યપુરુષ. દિવ્યપ્રકૃતિનું જ આપણું દિવ્યચિત્ત બનેલું હોય છે, જેને ઉપનિષદો 'હ્દય' કહે છે ત્યાં આ સક્રિય ચૈત્યપુરુષ રહે છે. તેને જીવાત્માએ

ધારણ કરેલા ઋતમ્‌માંથી પ્રેરણાઓ મળતી હોય છે. તેને અનુસરી તે પોતાની અભીપ્સા અર્થાત્ તેવા થવાની શ્રદ્ધા સેવતો હોય છે. તેથી આ ચૈત્યપુરુષને શ્રદ્ધામય પુરુષ કહ્યો છે (શ્રદ્ધામયો યં પુરુષઃ) આવા શ્રદ્ધામય આત્મતત્ત્વને જ ચૈતસિક-તત્ત્વ કહે છે. તેમાં સંકલ્પશક્તિ હજી સક્રિય ન હોવાથી તે હજી સુપ્ત હોય છે. પણ સંકલ્પયુક્ત અને સક્રિય બનેલું આત્મતત્ત્વ એટલે જ ચૈત્યપુરુષ. તે સક્રિય-આત્મા અને દિવ્યપ્રકૃતિનું બનેલું સંયુક્ત - સ્વરૂપ છે.

આને વ્યક્તિનું મૂળ સ્વરૂપ કહેવાય છે. તે એક જ છે પણ પ્રકૃતિનાં વિવિધ સ્તરે વિવિધ પુરુષોનું સ્વરૂપ ધારણ કરે છે અને જે તે સ્તરનું યથાશક્તિ સંચાલન કરે છે. મનોમય સ્તરે મનોમયપુરુષ, પ્રાણમય સ્તરે પ્રાણમયપુરુષ, પાર્થિવ સ્તરે પાર્થિવપુરુષ તરીકે તે કાર્ય કરે છે. તૈતરીય ઉપનિષદમાં મનોમય પુરુષના ઉપરના બે પુરુષોનો ઉલ્લેખ છે. વિજ્ઞાનમય સ્તરે વિજ્ઞાનમયપુરુષ અને આનંદમય સ્તરે આનંદમયપુરુષ. આ બન્ને પુરુષોનો સીધેસીધો પ્રભાવ હજી નીચલા સ્તરે પડતો નથી, કારણ નિમ્નસ્તરની પ્રકૃતિ હજી તેમની પ્રેરણા ધારણ કરવા માટે તેટલી વિકસિત પણ નથી અને સંઘટિત પણ નથી.

નિમ્નસ્તરના ત્રણે પુરુષો પોતપોતાના સ્તરની પ્રકૃતિ સાથે એકરૂપ થઈ ગએલાં છે અને તેથી પેતાનો મૂળ દિવ્ય-સ્વભાવ ભૂલી ગયાં છે. તેથી જ્યારે કોઈ પરમાત્મતત્ત્વ બાબતમાં સભાન બને છે ત્યારે તેને પરમાત્મતત્ત્વ પોતાના સ્વરૂપથી ખૂબ જ ઊર્ધ્વમાં અને તદ્દન જુદા સ્વરૂપનું લાગે છે. પોતાના મૂળ સ્વરૂપથી, પોતાના આત્મતત્ત્વથી સૈદ્ધાંતિક રીતે જુદો છે એમ લાગે છે. આત્મતત્ત્વ જેને પુરુષ કહેવાય છે તે પ્રકૃતિથી ભિન્ન ગણાય છે. પણ પરમાત્મતત્ત્વમાં પુરુષ અને પ્રકૃતિ બન્ને એકરૂપ થઈ કૈવલ્ય પ્રાપ્ત કરી લે છે.

આત્મતત્ત્વનાં બે પ્રકારનાં સાક્ષાત્કાર હોય છે - સક્રિય અને નિષ્ક્રિય. નિષ્ક્રિય સાક્ષાત્કારમાં આત્મતત્ત્વ પ્રકૃતિથી અલગ અને અલિપ્ત થઈ જાય છે. પણ સક્રિય સાક્ષાત્કારમાં ફક્ત પ્રકૃતિની ગુલામીમાંથી મુક્ત થવાની વાત નથી પણ પોતાની પ્રકૃતિને દિવ્ય કરવાની વધારાની વાત છે. તે માટે આત્મતત્ત્વ પોતાની દિવ્યપ્રકૃતિની શક્તિઓને નીચે અવતરણ કરાવે છે અને અપરાપ્રકૃતિને

દિવ્ય કરે છે. આ રીતે મા ભગવતી સાથે પણ સંબંધ સ્થાપે છે.

અપરાપ્રકૃતિ અર્થાત્ અશુદ્ધ પ્રકૃતિ પોતાના જ અવચેતન અને અચેતનના પ્રભાવ નીચે આવી પોતાની એક પ્રકારની યાંત્રિકતા, જડતા નિર્માણ કરે છે, જેને તમસ કહે છે.

જ્યારે આત્મતત્ત્વ પોતાનાં શુદ્ધ, અસીમ, પ્રકાશમય, આનંદમય ચેતનામાં આત્મરત બનીને રહેતા શીખે છે, ત્યારે તે પ્રકૃતિની યાંત્રિકતાથી મુક્તિ મેળવતો જાય છે. તેમાં શાંતિ, સ્થિરતા, નીરવતા, નિર્લેપતા અને એક શાંત, ગૂઢ આંતરિક આનંદ પ્રગટ થાય છે.

પણ આ પ્રક્રિયામાં દિવ્ય-શક્તિઓનું સંકલ્પબળે પરાણે નીચે અવતરણ કરવાથી ગેરફાયદો જ થાય છે. જે નીચે મુજબનો હોય છે :

૧. અશુદ્ધપ્રકૃતિ પ્રત્યાઘાત તરીકે પોતાની નબળાઈઓને ઉગ્ર બનાવી સાધનામાં અવરોધો રચે છે.

૨. અપરાપ્રકૃતિ કચડાઈને નિર્માલ્ય, સ્તબ્ધ બની નિષ્ક્રિય બની જાય છે. પણ એ રીતે પોતાનાં રૂપાંતરનો મૂક વિરોધ કરે છે.

૩. સાધક ભ્રમ, ભ્રાંતિનો શિકાર બની અજાણતા અહંકારને પોષે છે અને પોતાને અવતાર, મહાનયોગી માનવા લાગે છે.

૪. અવચેતન અને અચેતન પોતાનાં નવાં સ્વરૂપો તૈયાર કરી પ્રગટ થાય છે. જે સાધકને ઓળખવા મુશ્કેલ થાય છે.

આ બધાંના ગંભીર પરિણામ થવાની શક્યતા છે. સાધકની શુદ્ધ સાધના ગેરમાર્ગે વળી જવાની પૂરેપૂરી શક્યતા બની રહે છે.

પ્રકૃતિનું સાચું, સ્વસ્થ, સર્વાંગી રૂપાંતર કરવા દિવ્ય-શક્તિઓનું સહજ અવતરણ અને અપરાપ્રકૃતિનું રૂપાંતર મુજબ ઊર્ધ્વારોહણ - આ બન્ને પ્રક્રિયા સહજ રીતે પાર પાડવી જરૂરી છે.

તેથી પૂર્ણયોગમાં રૂપાંતરની અભીપ્સા સેવો અને પ્રભુને, જગન્માતાને પોતાની રીતે આપણા સ્વરૂપમાં કાર્ય કરવા દો આ માર્ગ જ પ્રશસ્ત ગણ્યો છે.

# નિષ્કર્ષ અને સારાંશ

(ઉપનિષદો - પૃ.૯૦-૯૭)

પ્રકરણ - ૧૦

**૩ સક્રિયજીવન અને આત્માનું સ્વાતંત્ર્ય :**

સક્રિયજીવન અને આત્માનું સ્વાતંત્ર્ય વિરોધી નથી. માનવ કર્મથી નથી બંધાતો, ઈચ્છાથી બંધાય છે, જે આપણે પહેલેથી જ ત્યાગી છે તેથી તે પ્રભુની ચેતના સાથે એકરૂપ થઈ સક્રિય જીવનમાં પણ પ્રભુની સ્વતંત્રતા માણે છે.

**૪ નિષ્ક્રિયબ્રહ્મ અને સક્રિયબ્રહ્મ :**

નિષ્ક્રિય શાંત બ્રહ્મતત્ત્વમાંનો આનંદ બ્રહ્મની આવિર્ભાવ ક્રિયાથી ડહોળતો નથી. બહારથી તફાવત દેખાવા છતાં બન્ને એક જ બ્રહ્મતત્ત્વ રહે છે. શાંતિ એ પણ તીવ્રવેગે ચાલતી સક્રિયતા જ છે. તીવ્રવેગથી નિષ્ક્રિયતાનો ભ્રમ થાય છે. વિજ્ઞાનમાં (જ્ઞાનમાં) બધું જ એકરૂપ અનુભવાય છે. મનથી (અજ્ઞાનમાં) બધુ અલગ અલગ અનુભવાય છે. આમ, જોવાના દૃષ્ટિકોણમાં તફાવત છે, વસ્તુમાં નહિ.

**૫ મૂળસ્વરૂપ અને આવિર્ભાવ :**

એક અને અનેક બન્ને એક જ વસ્તુ છે અને બન્ને સાચી જ છે. મૂળ સ્વરૂપમાંની એકાગ્રતા એકતાનો અનુભવ કરાવે છે. તેના આવિર્ભાવો ઉપરની એકાગ્રતા અનેકતાનો અનુભવ કરાવે છે. મૂળ તો એક જ આત્મતત્ત્વ પોતાને જ અનંતરૂપે પોતાની સામે જ રજૂ કરે છે. વિવિધ ગતિઓ ચેતનાના વિકાસ માટેનો પ્રયત્ન તરીકે છે જે એકતાના દર્શન તરફ જ લઈ જાય છે. તે પ્રભુના અનંત સંકલ્પોનો પ્રભુના ચેતનાના વિસ્તારમાં થતો વિવિધ પ્રકારનો આવિર્ભાવ માત્ર છે.

જુદાઈનો ભાસ એ ભ્રમ છે. તેને સાચો માનવાથી ચેતના સંકોચાય છે, જે વ્યક્તિને દુઃખરૂપ લાગે છે, તેથી એક જ તત્ત્વ અનંત પ્રાણીઓ દ્વારા અભિવ્યક્ત થઈ રહ્યું છે તેવો એકાત્મતાનો અનુભવ લેવો જરૂરી છે જે આનંદ પ્રગટાવે છે.

**૬ સક્રિય અને નિષ્ક્રિયબ્રહ્મ (ક્ષર અક્ષરપુરુષ) :**

સક્રિયતા અને નિષ્ક્રિયતા એ તો એક જ બ્રહ્મતત્ત્વની બે બાજુ માત્ર છે. તે જ પરમાત્મા છે, પુરુષોત્તમ છે, નિષ્ક્રિયતા એ સક્રિયતાનો આધાર અને માધ્યમ છે સક્રિયતામાં પણ ગુપ્ત નિષ્ક્રિયતા રહી શકે છે. તે એકબીજા ઉપર આધારિત છે અને જુદા પાડવા શક્ય નથી. પ્રભુ પોતે તો તે બન્નેથી પર છે, પણ બ્રહ્મતત્ત્વના આવિર્ભાવ માટે બન્નેની જરૂર છે. પરમાત્માની ચેતનામાં રહેવાથી પરમાત્માના સક્રિય અને નિષ્ક્રિય પાસાંનો સાથે જ અનુભવ થાય છે.

**૭ વિદ્યા અને અવિદ્યા :**

એક જ ચેતનાની બે ગતિઓ એકતાનું જ્ઞાન અને વિવિધતાનું જ્ઞાન આપે છે. સત્યચેતનામાંથી જોતાં બધું એક જ દેખાય છે તે વિદ્યા છે. મનમાંથી જોતાં વિવિધ દેખાય છે તે અવિદ્યા છે. સત્ય- ચેતનામાંથી જોવું એટલે કવિની અવસ્થા. મનમાંથી જોવું એ મનીષીની ચેતના.

સત્ય-ચેતનામાંથી બધું એક જ દેખાય છે. તેમાં સત્ય-ચેતનાના સમગ્ર વિસ્તારમાં અનંતરૂપે પ્રભુ જ પ્રગટતા દેખાય છે (પરિભૂ) અને તે આવિર્ભાવ પ્રભુ પોતે જ પોતાનો કરી રહ્યાં છે એવો લાગે છે. (સ્વયંભૂ)

મનમાંથી જોતાં આ પરિભૂ અને સ્વયંભૂનો દૃષ્ટિકોણ રહેતો નથી કારણ પ્રભુની ચેતનાથી (સત્ય-ચેતનાથી) તે અલગ થઈ ગયો હોય છે તેથી પોતાના અસ્તિત્વની બહાર વિવિધ વસ્તુઓ દેખાય છે અને તેમનાં ઉદ્ભવનાં કારણો પણ અલગ - અલગ લાગે છે.

પ્રભુએ પોતાની અવસ્થામાંની 'મનીષી' અવસ્થામાં અવિદ્યાને સ્વીકારી છે કારણ વિવિધતાનો આનંદ તેમને લેવો હતો. તે વખતે પ્રભુની ચેતના 'કવિ' અવસ્થા પાછળ રહીને આ બધાંને પ્રભુના આવિર્ભાવ તરીકે જ માણતી હતી.

આમ કરીને પ્રભુને ફરી મનીષીને એકતાનું જ્ઞાન આપી અમરતામાં ભાગીદાર કરવાનો હતો.

**૮ જન્મ અને અજન્માવસ્થા :**

ઉપર મુજબની ચેતનાની બે અવસ્થાઓ અને ગતિઓ રચવાનું કારણ એ હતું કે આપણે જન્મ લઈને તેમાં જ અમરતાને પ્રાપ્ત કરી લઈએ. પ્રભુ પોતે તો કાયમી સ્વરૂપે અમર છે અને અમરતા બાબત સભાન પણ છે. જન્મ એટલે પ્રભુનું મનની ચેતનામાં ઊતરી આવવું. અવિદ્યામાં પ્રવેશ કરવો. તેમાં રહીને પ્રથમ અહંકાર મારફત અને તે બાદ અહંકાર વગર વિકાસ કરીને ફરી પોતાના પ્રભુ સ્વરૂપ સાથેની એકરૂપતા મેળવવી અને આમ, જીવન દરમિયાન જ અમરતાની અજન્માની અવસ્થા પ્રાપ્ત કરવી. આમ, જન્મધારણ કરવો એ અજન્મા બનવાનું એક સાધન બની જાય છે.

**૯ કર્મ અને જ્ઞાન :**

કર્મ અને જ્ઞાનમાં વિરોધ એ અહંકાર અને મનની અવસ્થામાં જ જણાય છે તે સાચું જ્ઞાન નથી. સાચું જ્ઞાન તો કવિનું અને સૂર્યનું છે. મનમાં પ્રકાશમય વિચારોએ આ સાચા જ્ઞાન ઉપરનું સુવર્ણમય ઢાંકણ માત્ર છે. જે ઉઘાડવું જરૂરી છે. પ્રકાશમય મનને ઓળંગીને આંતર-પ્રેરણાત્મક મનમાં પ્રવેશીને જ સાચા જ્ઞાનની ઝાંખી થવા લાગે છે. સાચા જ્ઞાનમાં એક સીધે સીધી દૃષ્ટિ હોય છે જેને મહસ્ અથવા વેદ કહેવાય છે. તે જ વિજ્ઞાન છે. તે સામાન્ય બુદ્ધિનું સ્થાન લે છે. વિજ્ઞાન જ સારું જ્ઞાન આપે છે. તે જ સાચી ચેતના (ચિત્)ને મેળવી આપે છે. ચિત્ - ચેતનામાં સંકલ્પ અને જ્ઞાન એકરૂપ જ હોય છે. જે વસ્તુને તે જાણે છે તેને નિર્માણ પણ સંકલ્પ માત્રથી કરે છે. મનમાં તે બન્ને વિભાજીત છે. તેમાં જ્ઞાનમાં સર્જન - શક્તિ નથી. બન્નેની એકરૂપતા જે આનંદપ્રતિ લઈ જાય છે. તે આનંદ જ અમરતાનો આનંદ છે.

સારાંશ, આપણે એ ધ્યેય પ્રાપ્ત કરવાનું છે. તે અહીંના ભૌતિક જીવનમાં પણ અને પરલોકનાં અભૌતિક - જીવનમાં પણ પ્રગટ કરવાનું છે. તે જ દિવ્યશરીરમાંનું દિવ્યજીવન હશે.

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

# સૂર્ય, સવિતૃનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૩-૧૦૬)

પ્રકરણ -૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

ઉષાનું અશુદ્ધ પ્રકૃતિ ઉપર વારંવાર ઊગી નીકળવું, સૂર્યનું તે કારણે વધુ ને વધુ પ્રગટ રહેવું અને નિમ્ન પ્રકૃતિ ઉપર પ્રભાવ પાડવો, પૂષનનું સતત પોષણ આપવાનું કાર્ય કરવું, આ બધાંના સામૂહિક પરિણામરૂપે સવિતૃ સક્રિય બનવા લાગે છે. સવિતૃ દિવ્ય-ઘાટોનો સર્જક છે. તેના પ્રકાશનું ઋષિઓ ધ્યાન કરવા કહે છે. જેથી દર્શના અને શ્રવણશક્તિ વિકાસ પામી સાધના બાબતનું સીધેસીધું માર્ગદર્શન પેલા દિવ્ય-સંકલ્પ દ્વારા, ઋતમ્ દ્વારા મળવા લાગે.

હાલનું જીવન એ વિકૃત સ્વરૂપનું છે, તે દુઃસ્વપ્ન છે. દિવ્ય-જીવન જ સાચું છે. વિકૃતિને કારણે જીવન મરણને આધિન બની ગયું છે, કારણ તેને દિવ્ય-પોષણ મળતું નથી. દિવ્ય-માર્ગદર્શન અને પ્રેરણા મળતી નથી. આ અનૃતની સ્થિતિ છે. ઋત્‌ના સંકલ્પ કરતા વિરોધી સ્થિતિ છે. તેમાં સંકુચિત ચેતના બની ગઈ છે. તેથી ભેદમય બની ગઈ છે. આ વરુણનો શ્રાપ છે, કારણ વરુણ વિશાળતામાં જ જીવે છે અને સંકુચિતતામાં અકળાય છે. આને વેદો વરુણનો પાશ, બંધન કહે છે. અમુક ઋષિ આને સવિતૃનો (ઉગતા રતુમડા સૂર્યનો) પાશ કહે છે, કારણ તે આવી અકળામણ નિર્માણ કરીને જ, તપાવીને જ પ્રકૃતિના દિવ્ય ઘાટો ઘડે છે, જાણે તે દૈવી-લુહાર ન હોય ! પ્રકૃતિના અઘાટ તત્ત્વો છીલીને, તરાશીને તેમને દિવ્ય-ઘાટ આપે છે. તેથી તેને ત્વષ્ટા' તરાશનાર, છીલનાર લુહાર પણ કહે છે. તે સવિતૃના પાસને ઢીલો કરવાનો છે - સાધના દ્વારા ત્યારે જ પેલું દુર્ભાગી જીવનનું દુઃસ્વપ્ન નષ્ટ કરે છે. આપણને વૈશ્વિક-રચના સાથે

સુમેળમાં ગોઠવે છે, પોષણ આપે છે અને અંતે પેલી અસીમ, અવિભક્ત અદિતિનો, દિવ્ય-ચેતનાનો સાક્ષાત્કાર કરાવે છે. આવી રીતે સવિતૃ સત્યનો સર્જક છે.

સવિતૃના આ દિવ્ય કાર્યમાં વરુણ, મિત્ર, સોમ, અર્યમા, ભગ, ઉષા બધાં મદદરૂપ થાય છે. દરેક પોતપોતાનું કાર્ય કરી સવિતૃના કાર્યને વધારે પૂર્ણતા બક્ષે છે. વરુણ - ચેતનાની વિશાળતા આપે છે. મિત્ર વિવિધ ચેતનાઓ વચ્ચેના સુમેળરૂપ સંવાદિતા, સોમ સાધનામાં મળતો આનંદ, અર્યમા મુક્તિનો અહેસાસ અને ઉષા આત્મપ્રભાનો સાક્ષાત્કાર, અંતે, સવિતૃ સત્-ચિત્-આનંદના ત્રિવિધ સ્થિતિનું અનુભવજન્ય દિવ્યજ્ઞાન આપે છે.

આ સમગ્ર ચેતનાના આરોહણ દરમિયાન સાધકની ચેતના વ્યક્તિચેતના, વૈશ્વિકચેતના, વિશ્વાતીત-ચેતના આવા તબક્કાઓ વટાવતી આગળ વધે છે. ચેતનાની વિશાળતાના જાણે આ ત્રણ તબક્કારૂપ છે.

આ સમગ્ર પ્રક્રિયાના પરિણામરૂપે વિવિધ દેવોના વિવિધ કાર્યોમાં પણ સુસંવાદ, છંદોબદ્ધતા રચાય છે. ચેતના સમગ્રતા સાથે જ વિકાસ કરવા માંડે છે.

સવિતૃના મૂળ પ્રકાશ સોનેરી છે જેને વેદો 'હિરણ્યમ્' કહે છે. વિશ્વાતીત-ચેતનાની કક્ષા સુધી પણ આ પ્રકાશ પૂર્ણ રીતે પ્રગટ થતો નથી, તેથી વિશ્વાતીત મનોમય ચેતનાને, હિરણ્યગર્ભ - જેના ગર્ભમાં હજી પેલો સોનેરી પ્રકાશ છૂપાઈને બેઠો છે, તેવો ગણાવેલ છે.

સવિતૃ પોતાનું દિવ્ય - કાર્ય કરવા શરૂઆતમાં પોતાના બે હાથ-દર્શના અને શ્રવણ શક્તિને લંબાવતા વર્ણવેલા છે. તેમાં દેવ-દેવીઓ મદદ કરે છે. દેવો એટલે પુરુષ તત્ત્વો, દેવીઓ એટલે પ્રકૃતિ તત્ત્વો. અંતે, તે અમૃતનું - સનાતન ચેતનાનું જાણે નિર્માણ કરે છે.

ઋગ્વેદના પાંચમા મંડલમાંનું એક્યાંશીમું સૂક્ત સવિતૃને ઉદ્દેશીને અત્રિકુળના શ્યાવાશ્વે લખેલું છે. વેદોમાં ઈન્દ્ર, વરુણ અને અગ્નિ ત્રણ પ્રધાન દેવતા છે. અગ્નિનું જ ત્રિલોકમાંના સ્વર્ગનું રૂપ તે જ સૂર્ય. 'સૂ' ધાતુનો અર્થ છે બહાર મોકલવું, પ્રસૂતિ થવી. સૃષ્ટિ શબ્દ આ જ ધાતુમાંથી આવ્યો છે. સારાંશ, દિવ્ય પ્રકાશ અને આંદોલનોને ઉત્સર્જીત કરનાર દેવ તે જ સવિતૃ. (ક્રમશઃ)

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

# અતિમાનસિકરણની શરતો

પ્રકરણ - ૩૪

(પૃ.૧૪૪-૧૪૬)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 If I am seeking after supramentalisation, it is because, it is a thing that has to be done for the earth consciousness. If it is not done in myself, it cannot be done in others. P. 145

2 It does not follow either that if or when I become supramental, everybody will become supramental, others can so become who are ready for it. P. 145

3 It is therefore quite legitimate to have the aspiration for it - provided '

(a) One does not make a too egoistic affairs of it.

(b) One is ready to undergo the conditions and stages needed for the achievement. P. 145

(c) One - regards it as a part of the seeking of the Divine and consequent culmination of the Divine will in one and insist on psychicisation, spiritualisation or supramentalisation. It should be regarded as the - God's working in the world. P. 145

4 He must want the Divine Will first and the soul's surrender and the spiritual realisation (through work, Bhakti, knowledge, self perfection) on the way. P. 145

5 The descent of the supramental means only that the power will be there in the earth consciousness as a living force. P. 146

શ્રી અરવિન્દ જણાવે છે કે તેઓ અતિમનસને મેળવવા માગે છે તે ફક્ત પોતાના માટે જ નહીં. તે દ્વારા તેઓ પોતાનો મોક્ષ મેળવવા માગતા નથી. તેમની તેવી મેળવવાની ઈચ્છા પણ નથી. પણ તેઓને એમ લાગે છે કે માનવ-વંશ જે અપૂર્ણતાઓથી પીડાઈ રહ્યો છે, જીવનને દુઃખ અને ત્રાસદાયક એકંદરે અનુભવે છે તેમાંથી અંતિમ છુટકારાનો તે ઉપાય છે.

બીજું, તેમને લાગે છે કે પ્રભુની તેવી ઈચ્છા છે.

ત્રીજું, તેમની એવી ઈચ્છા છે કે પ્રભુ પોતે માનવના આ સ્થૂળ ભૌતિક જગતમાં પણ કાર્ય કરવા માંડે જેવી તેમની પોતાની ઈચ્છા અને સંકલ્પ છે.

જો તે પોતે પોતાનું અતિમાનસિકરણ કરવામાં યશસ્વી થશે તો તેની સાથે તેની સમગ્ર પ્રક્રિયા પણ પોતે જાણતા થશે તેનો ફાયદો માનવવંશને મળશે. તેમને જે શક્ય છે તે અન્ય કોઈને પણ જો તે ખરેખર સાચી અભીપ્સાથી અને સાચા હેતુ માટે જ મેળવવા માગતો હોય તો તે શક્ય બનશે.

પણ તેનો અર્થ એવો નથી કે તેઓ અતિમાનસને મેળવી લેતાં જ સમગ્ર માનવવંશને તે પોતાની મેળે મળી જશે. દરેકે પોતાનો પ્રયત્ન કરવાનો જ રહેશે. તેનો પ્રસાર તો ઉત્ક્રાંતિના નિયમાનુસાર જ થવાનો છે. ઉત્ક્રાંતિનો નિયમ છે કે, (૧) જો વ્યક્તિ અભીપ્સા સેવે અને પ્રભુનું પણ આયોજન તે મુજબનું હોય તો તે વ્યક્તિ પોતાના કાર્યમાં યશસ્વી થાય છે. (૨) પૃથ્વીના વિકાસનાં સમગ્ર પટલમાં એવા તબક્કાઓ આવે છે જેને God's hour અથવા પ્રભુની પળ કહી શકીએ. તે વખતે માનવના પ્રયત્નોને પ્રભુની સહાય તરત મળે છે અને તે પોતાના કાર્યમાં આવતા અવરોધોને પાર કરી જાય છે. (૩) આવી વ્યક્તિ પોતાનાં સાંનિધ્ય, માર્ગદર્શનથી અન્યોને પણ મદદ કરી શકે છે. (૪) તેની ચેતનાનો પ્રભાવ લોકો જાણતા-અજાણતા સ્વીકારતા જ હોય છે પણ તેમાં દરેકની તૈયારી મુજબનાં પરિણામો હોય છે (૫) વારસામાં પણ આ વસ્તુ ભવિષ્યમાં આવી જ જવાની છે જેથી બાળકો જન્મથી જ અતિમાનસિક હશે. ઉત્ક્રાંતિ આ માર્ગે પોતે આગળ વધતી હોવાથી આ જ માર્ગે માનવોનાં અતિમાનસિકરણની પ્રક્રિયા આગળ વધવાની છે. આમાં વેગ લાવવો હોય તો તેવી વ્યક્તિએ અતિમાનસિકરણ માટે જોઈતી

યોગ્યતાઓ પ્રાપ્ત કરવાની રહેશે, જે નીચે મુજબની છે :

૧. તે વસ્તુ કોઈ અહંકાર લેવાની, વ્યક્તિગત સિદ્ધિ ગણવાનો ભાવ ન હોવો જોઈએ અને તેનો તે રીતે વ્યક્તિગત દુરુપયોગ પણ ન હોવો જોઈએ. દુરુપયોગથી જે મેળવેલ છે તે પણ ખોવાનો વારો આવશે.

૨. અતિમાનસિકરણ એ પ્રભુ-પ્રાપ્તિની પ્રક્રિયાનો જ એક અંશ છે એ વાસ્તવિકતા તેણે સદા ધ્યાનમાં રાખવાની રહેશે. અતિમાનસિકરણથી પ્રભુની ઈચ્છાઓ અને સંકલ્પો આપણી મારફત કાર્ય કરવા લાગે છે. તે તેમના સંકલ્પો સિદ્ધ થાય એવી જ મનોકામના આપણી હોવી જોઈએ. આપણામાં તેનો નિમિત્ત બનવાનો કે કરણ બનવાનો, સાધન બનવાનો જ નમ્ર ભાવ હોવો જોઈએ.

૩. તે માટેની જરૂરી પ્રક્રિયાઓ કોઈ પણ ભોગે પાર પાડવાની દુર્દમ્ય અભીપ્સા હોવી જોઈએ. તેનાં ત્રણ તબક્કા છે - ચૈતસિકરણ, વૈશ્વિકરણ અને અતિમાનસિકરણ..... આ દરમિયાન અવચેતન અને અચેતનનો વ્યક્તિગત સ્તરે નાશ થતો હોવાથી આનાં વ્યક્તિગત તબક્કા ખૂબ જ આકરા અને કપરા હોય છે તે જાણી-સમજીને જ આ પ્રક્રિયામાં પ્રવેશવાનું હોય છે.

આ પ્રક્રિયા દ્વારા પ્રભુ જ પોતે જગતમાં પ્રત્યક્ષ થઈ, પોતાના કાર્યો પાર પાડવાનો માર્ગ કંડારતા હોય છે. એ જ તેનું સાચું પરિણામ છે એમ સમજી આપણે તે માટે જ સંનિષ્ઠ રહેવાનું છે.

આની તૈયારી માટે કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ; ત્રણેનો સમન્વય કરીને આપણે આગળ વધવાનું હોય છે. આંતરિક રીતે પ્રભુ સાથે એકતા એ જ્ઞાનયોગનું લક્ષણ છે. પ્રભુ પ્રત્યે પ્રેમ અને સમર્પણ એ ભક્તિયોગનું અને પ્રભુના કાર્ય માટે જ જીવન છે અને તે માટે નિમિત્તભાવ એ જ કર્મયોગનું લક્ષણ છે. આ ભાવોને કારણે જે વ્યક્તિગત પૂર્ણતા પ્રાપ્ત થાય છે તે જ પ્રભુના કાર્યના ઉત્તમ નિમિત્ત બનવામાં મદદરૂપ છે.

શ્રી અરવિન્દને પૂછેલું કે અતિમનસના અવતરણથી આજનું તદ્દન નિમ્ન કોટિએ પહોંચેલું રાજકારણ અને રાજકારણીઓનાં પતિત જીવન તરત બદલાઈ જશે ? શ્રી અરવિન્દે કહેલું તે તરતમાં તો શક્ય નથી જ, કારણ - (૧) અતિમનસનું

અવતરણ એટલે પાર્થિવ-જીવનમાં એક નવી શક્તિની હાજરી રહેશે. હાજરી એ વસ્તુ જુદી છે અને તેનો ઉપયોગ જીવનમાં પ્રત્યક્ષ થવો એ વાત જુદી છે. દા.ત. મનોમય તત્ત્વ ભૌતિક જીવનમાં હાજર છે પણ હાલના તબક્કે માનવો જ તેનો ઉપયોગ કરી શકે છે. પ્રાણીઓ ફક્ત પ્રાથમિક સ્વરૂપનો જ ઉપયોગ કરી શકે છે. તેમ અતિમનસની હાજરી માત્રથી જ કાંઈ બધું સુધરવા નહીં માંડે. તેને મેળવવાની માનવે પણ પાત્રતા કેળવવી પડશે, જે ઉપર આપણે જણાવી જ છે. જે, તે પ્રમાણે પોતાની પાત્રતા વિકસાવશે, તેને જ અતિમનસનાં પરિણામો અને કાર્યોની પ્રતીતિ થશે. તેથી અતિમનસને ધારણ કરનારી વ્યક્તિઓ શરૂઆતમાં ખૂબ જ અલ્પ હશે, પણ તે પ્રકાર ધીમે ધીમે વધતો જશે અને અંતે માનવના જીવનનો કાયમી ભાગ બની જશે. ત્યારે જ માનવ અતિમાનવ બની ગયેલો હશે. રાજકીય જીવન કદાચ અંતિમ પાસું હશે જે આવાં પરિણામો સ્વીકારશે. અતિમનસ ચમત્કાર સર્જવા નહીં આવે પણ તે યોનિ રચી પ્રભુનો વધારે પૂર્ણ આવિર્ભાવ કરવા આવી રહ્યું છે.

---

(પૃ.૪૪નું આગળ) **યોગના મૂળ તત્ત્વો**

૧ ચૈતસિક આંતર સંવેદનાઓ અને અનુભૂતિઓ વડે.

૨ મનની ઉપર આવેલી આધ્યાત્મિક ભૂમિકાઓના અનુભવો વડે.

આ બન્ને પ્રકારે થતા વિકાસને સમૃદ્ધ કરવા આંતરપ્રાણ અને આંતર-મનની અનુભૂતિઓ, સ્વપ્નો વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. સાધકની પ્રકૃતિની વિશેષતા અનુસાર ઉપરનાં બે પર્યાયો પૈકી એક આગળ પડતો હોય છે, બીજો તેની મદદમાં હોય છે.

**૧૫ અનુભૂતિ અને જ્ઞાન વચ્ચે તફાવત હોય છે ?**

અનુભૂતિ પ્રતિકાત્મક પણ હોય છે. તે પ્રતીકોનો અનુભવ એ અનુભૂતિ છે પણ તે પ્રતીકનો ગૂઢ અર્થ સમજી જે સમજણ નિર્માણ થાય છે તેને જ્ઞાન કહે છે.

**૧૬ સૂક્ષ્મદર્શનનોની સમજણ ક્યારે પ્રાપ્ત થાય છે ?**

અભ્યાસ અને આંતરજ્ઞાનથી જ્યારે આપણું અવલોકન સચેતન બને છે અને સાચી સમજણ મેળવે છે ત્યારે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)
પ્રકરણ - ૩૮

## દિવ્યશક્તિઓને આંતરિક આમંત્રણ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **સમર્પણની વાત કરવી.... નિર્બળ ઈચ્છા હોવી એટલેથી નહિ ચાલે. સમૂળું અને પૂરેપૂરું રૂપાંતર થવા માટે અંતરમાં ધગશ હોવી જોઈએ. પૃ.૩૪-૩૫**
- **આપણામાં જે બહિર્મુખ માનવ રહેલો છે તેણે..... પણ પોતાનું સમર્પણ કરવાનું છે. પૃ.૩૫**
- **..... પ્રકૃતિની નાનામાં નાની ક્રિયાને..... ટેવને..... પ્રત્યેક કાર્યને..... મા ભગવતીની દિવ્ય જ્યોતિના પ્રકાશમાં તેણે ધરવાનું છે..... જુનાં હેતુઓ અને જુનાં સ્વરૂપોનો સંપૂર્ણપણે વિલય કરવાનો છે. પૃ.૩૫**
- **એ..... ઠેકાણે..... મા ભગવતીની રૂપાંતર સાધનાર ચેતનાની અંદર જે સત્ય રહેલું છે તેની, અને તે સત્યના કાર્યની સ્થાપના થાય એટલા માટે ભગવત્ શક્તિને સઘળું સમર્પણ કરવાનું છે. પૃ.૩૫**
- **તમારી ચેતના મા ભગવતી પ્રત્યે ખુલ્લી રાખવી એનો અર્થ એ છે કે તમે દિવ્યશક્તિને તમારી અંદર પોતાનું કાર્ય કરવા માટે આમંત્રિત કરો છો..... પૃ.૩૫**
- **એમ કર્યા પછી..... સમર્પણ ન કરો તો એનો અર્થ..... કાર્ય કરવાની અનુમતિ આપો છો તો તે તમારી શરતે અને તમારી માગણી પ્રમાણે..... પૃ.૩૫-૩૬**
- **..... તે ભગવાન પાસેથી મેળવી શકે તે સઘળું લેવા તૈયાર હોય છે, પરંતુ પોતાની જાતને પ્રભુને અર્પણ કરી દેવા તે તત્પર હોતો નથી. પૃ.૩૬**

- **ચૈત્યપુરુષ સદા ભગવદ્ - અભિમુખ હોય છે અને તે તો પ્રભુને પોતાનું સમર્પણ કરવા માટે કેવળ રાજી નહિ પરંતુ આતુર અને ઉલ્લસિત હોય છે. પૃ.૩૬**

સમર્પણની ક્રિયાને શ્રી અરવિન્દ સમજાવી રહ્યા છે.

ફક્ત માનસિક કે ભાવનાત્મક કે શારીરિક સમર્પણ નહિ ચાલે. પૂર્ણયોગમાં સમર્પણનું અદકેરું મહત્વ છે અને તે સાધનાનું અહર્નિશ ચાલકબળ પણ છે. જે દરેક સાધકે પોતાની પ્રકૃતિ અનુસાર વિકસાવવાનું છે. સમર્પણ ફક્ત માનસિક ન રહેતા એક પ્રકારની રૂપાંતરની અભીપ્સારૂપે બની રહેવું જોઈએ. આ એવી અભીપ્સા છે જે હર પળે પોતાને રૂપાંતરમાં જોડતી રહે છે. સારુંય સ્વરૂપ, સઘળી ચેતના ફક્ત એક જ જવલંત અભીપ્સામાં મગ્ન બનીને પ્રભુને રૂપાંતર માટે સાદ કરે છે, ત્યારે આ પ્રકારનું સમર્પણ બની આવે છે.

સ્વરૂપમાંના દરેક ભાગો-વિભાગોને આ સમર્પણમાં આવરી લેવાનાં છે. પ્રકૃતિની નાનામાં નાની ટેવ, ક્રિયા કે સૂક્ષ્માતીસૂક્ષ્મ ગતિવિધિઓને આ અભીપ્સાની જ્યોતમાં હોમતા જવાનું છે. અને આ સ્વરૂપમાંની ખાલી પડેલી જગ્યાઓએ મા ભગવતીનું સત્ય અને તેની રૂપાંતરકારી શક્તિને કાર્ય કરવા માટે સ્થાન આપતું જવાનું છે. ‘સાવિત્રી’ માં અશ્વપતિ જ્યારે મા ભગવતીના દર્શનમાં અડચણ અનુભવે છે ત્યારે તે જુએ છે કે તેની નાની નાની ક્ષુદ્ર ઈચ્છાઓ આ દિવ્ય કાર્યમાં બાધાઓ નાંખી રહી છે. તેમને ઉખેડીને તે સ્થાનમાં ભગવતીની દિવ્ય શક્તિઓને બિરાજમાન કરે છે.

He tore desire up from its bleeding roots
And offered to the gods the vacant place. (Savitri, Pg 318)

વળી સમર્પણ કરવું પરંતુ સાથે સાથે પોતાની નિમ્ન પ્રકૃતિની માંગણીઓને સંતોષતા રહેવું તે પણ માન્ય નથી. સમર્પણ હોય છે, પરંતુ પોતાની જે સમગ્ર જાત છે તેને અર્પણ કરવા સાધક તૈયાર હોતો નથી. આ એક પ્રકારનું આભાસી અથવા તો સ્વાર્થી સમર્પણ બની રહે છે. એક પ્રકારનો વિનિમય કે વેપાર હોય છે, જેમાં જીવનમાં કોઈ જ રૂપાંતર આવતું નથી.

શ્રી માતાજી પ્રત્યે ખુલ્લા થવું એટલે કે તેમની દિવ્ય શક્તિઓને પૂર્ણરીતે કાર્ય કરવા દેવું, વ્યક્તિગત પસંદગી, માંગણીઓ વિગેરેનો પૂર્ણપણે નાશ

કરવો, તે દિવ્યશક્તિઓ પોતે જ સ્વયં પોતાનું કાર્ય અને તેનું પરિણામ જાણતી હોય છે. તેને વિના વિઘ્ને સ્વરૂપમાં અવતરિત કરાવીને શ્રી માતાજીના સંકલ્પ અનુસાર કાર્ય કરવા દેવું, સારુંય સ્વરૂપ એક સાધન બનાવી દેવું એ જરૂરી છે. આવા સ્વરૂપમાં જ શ્રી માતાજી સાક્ષાત્ ખુલ્લા દિલે પોતાનું કાર્ય કરે છે. ''સાવિત્રી''માં આ અનુભૂતિની પ્રાથમિક અવસ્થાનું વર્ણન છે :

The little plot of our mortality
Touched by this tenant from the heights became
A playground of the living Infinite. (Savitri, Pg: 23)

શ્રી અરવિન્દ કહે છે કે આપણામાંનો માંહ્યલો - ચૈત્યપુરુષ - નૈસર્ગિક રીતે જ આ દિવ્ય સમર્પણ કઈ રીતે કરવું તે જાણે છે. તેને અગ્રભાગે લઈ આવવો, તેના હાથમાં જીવનનો દોરી સંચાર મૂકી દેવો. કારણ કે ચૈત્યપુરુષ એ મા ભગવતીનો જ અંશ છે. તે તેનાં તરફ હંમેશ નિરપેક્ષ રીતે ઢળેલો હોય છે. તે હંમેશા અભીપ્સામાં શ્રી માતાજી પ્રત્યે ખુલ્લો હોય છે. જાગ્રત, સભાન અને આનંદ સભર સમર્પણ (Joyous surrender) માટે તૈયાર હોય છે.

The advantage of being in the psychic consciousness is that you have the right awareness and its will being in harmony with the Mother's will, you can call in the Mother's Force to make the change. (Letters on Yoga, Pg. 24)

The psychic is what has come down here- its function is to offer all things to the Divine for transformation. (Letters on Yoga, Pg: 32)


**રાજકોટ કેન્દ્રના નવા પ્રકાશનો**

(લે.માનસિંહ ચાવડા)

(પ્રાપ્તિસ્થાન : મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર અને પ્રવિણ પુસ્તક પ્રકાશન - રાજકોટ)

૧) **પૂર્ણયોગની સાધના :** શ્રી અરવિદ અને શ્રી માતાજીના લખાણો, વાર્તાલાપો અને તેમનાં અંતરંગ શિષ્યોના લખાણોમાંથી સાધનાલક્ષી વિગતો ચૂંટી સુસંબદ્ધ રીતે રજૂ કરતો ગ્રંથ - પૃ.૩૬૮ - **કિં.૩૦૦/-**

૨) **વેદ વિજ્ઞાન :** વેદોની સાંગોપાંગ વિગતો સરળ ભાષામાં રજૂ કરતો ગ્રંથ - પૃ.૪૧૬ - **કિં.૩૫૦/-**

- તંત્રી

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## દેવોના સ્વરૂપો

(૨૬-૬-૨૬, ૧૩-૭-૨૬) (પૃ.૨૦૬-૨૨૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : નાના અને મોટા દેવોમાં તફાવત શું?

શ્રી અરવિન્દ : પ્રકૃતિમાં સંવાદિતા નિર્માણ કરનાર અને તેમને ટકાવનાર નાના નાના દેવો હોય છે. દા.ત. વનદેવતા. તેઓ સીધે સીધા અધ્યાત્મ પ્રત્યે કે ઉત્ક્રાંતિમાં ગતિ કરતા નથી. તેઓ પ્રાસંગિક રીતે એક પ્રકાશમાંથી ક્રમશઃ બીજા પ્રકાશમાં પ્રવેશે છે. પણ તેમાં સંવાદિતા અને સહજતા હોય છે. અસૂરો પણ આવો જ પ્રવાસ કરે છે પણ તેમાં ઉગ્રતા હોય છે. તે અહંકારને પોષણ આપે છે. જાણે તે પ્રભુનું રાજ્ય જીતવા ન નીકળ્યા હોય!

મહાન દેવો ઉત્ક્રાંતિને મદદરૂપ બનનારાં હોય છે. તેઓ પ્રભુની જ વિવિધ વૈશ્વિક-શક્તિના રૂપો હોય છે.

નાના દેવો પ્રકૃતિની જ રચના હોય છે. મોટા દેવોના કાર્યથી રચાએલી આકૃતિઓ હોય છે જે પોતે જે તત્ત્વનાં બનેલાં છે, તે જ સંવાદિતા અને સહજતા ટકાવી રાખે છે.

શિષ્ય : શું સ્વર્ગ એ દેવોની ભૂમિકાથી અલગ છે?

શ્રી અરવિન્દ : તે પ્રાણમય સ્વર્ગ હોય છે. જ્યાં કલા અને કાવ્ય જન્મ લે છે.

શિષ્ય : તે ભવ્ય વસ્તુ અહિં પ્રગટ કરી શકે?

શ્રી અરવિન્દ : તેઓ પોતામાં જ રમમાણ વધારે હોય છે. સ્વકેન્દ્રિત હોય છે.

શિષ્ય : તેઓ માણસ મારફત તે પ્રગટ કરી શકે?

શ્રી અરવિન્દ : હા તેવા પ્રકાર જણાએલાં છે.

શિષ્ય : તેમની ઉત્ક્રાંતિ હોય છે?

શ્રી અરવિન્દ : માનવ જેવી નહી. માણસને શારીરિક મર્યાદામાંથી ઉપર ઉઠવું પડે છે. તેમને આવા શરીરો જ હોતા નથી. પણ તેમની ઉત્ક્રાંતિ બે સ્વરૂપની હોય છે. ઉચ્ચતર સત્વોમાં તપ દ્વારા રૂપાંતર પામીને અથવા ઉત્ક્રાંતિમાં મદદરૂપ થઈને મહાન દેવ બની શકે છે.

શિષ્ય : તેઓ માણસનો કબજો શા માટે લે છે?

શ્રી અરવિન્દ : પ્રભાવ પાડીને ભૌતિક સ્તરે કબજો મેળવવા, તે રીતે પૂજાવા અથવા ભૌતિક ભોગ ભોગવવા.

શિષ્ય : માણસ જ્યાં સાધના કરે છે ત્યાં તેઓ આકર્ષાય છે?

શ્રી અરવિન્દ : જ્યારે સાધક સત્ય પ્રત્યે ખુલ્લો થાય છે ત્યારે તેને સૂક્ષ્મ જગતોનું ભાન થાય છે. તેમની પ્રત્યે ઉઘાડ અનુભવે છે. તે તક આ દેવો ઝડપી લે છે. તેમના સ્વભાવમાં બે વલણો હોય છે. એક અધ્યાત્મ પ્રત્યેનો લગાવ. બીજું, પોતાના પ્રભાવમાંની વ્યક્તિઓને પોતાના પ્રભાવમાં જ રાખવી. તેથી તેઓ સાધકને પોતે મહાનસિદ્ધિ મળી એવા ભ્રમમાં રાખી પોતાના પ્રભાવ નીચે જ રાખવા માંગે છે.

શિષ્ય : તે દેવો પ્રત્યે ખુલ્લો થાય છે તે કઈ રીતે?

શ્રી અરવિન્દ : તેના વિવિધ સ્વરૂપો છે. મહત્વાકાંક્ષા, મિથ્યાભિમાન આ વધારે પડતા હોય છે. આ જ તેમને તક પૂરી પાડે છે?

થીઓ કહેતા કે હાલમાં પ્રાણમય સત્વો આપણા જગતમાં ઉતરી પડ્યાં છે અને સત્ય અને આ સત્વો વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. સત્ય જીતવાનું જ છે અને આ સત્વોને પાછા જવું પડશે. (ક્રમશઃ)

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવો

## ઋભુગણ

પ્રકરણ - ૧૫

ઋભુને ઋભુક્ષન્ તેમ જ વાજ, વિભુ (વિભ્વન્) આ નામે બોલાવાય છે. તદ્વો વાજા ઋભવઃ સુપ્રવાચન દેવેષુ વિભ્વો અભવન્ મહિત્વનમ્ (ઋ ૪-૩૬-૩) વાજ અને ઋભુ, દેવોની સ્પષ્ટ સમજણ કેળવે છે (સુપ્રવાચનમ્) જ્યારે વિભુ તેમને પાર્થિવતત્વમાં વાસ્તવિક કરે છે. આ રીતે જોતા ઋભુનું કાર્ય ઈન્દ્રના જેવું જ છે. ઇન્દ્ર પરમ-ચેતનાની સાચી સમજણ કેળવે છે તેમ ઋભુ ઈત્યાદિ દેવોના કાર્યની સાચી સમજણ કેળવે છે તેથી એક રીતે ઇન્દ્રનું કાર્ય જ ઋભુ જાણે આગળ વધારે છે અને ઇન્દ્રના કાર્યની સમજણ સાધકને આપે છે. ઈન્દ્રના કાર્યને જ વધુ ખાસ ઘાટ આપે છે, તેથી ઋભુર્ન ઈન્દ્રઃ નવીયાન્ (ઋ ૧-૧૧૦-૭) ઋભુ પોતે ઈન્દ્ર નથી પણ જાણે તેની નવી આવૃતિ રૂપ છે.

વાજનો અર્થ અન્ન થાય છે અર્થાત પોષણ આપવું એમ થાય છે. વાજ જાણે ઈન્દ્રના કાર્યને પોષણ આપે છે. વિભુ ઈન્દ્રના કાર્યને ભૌતિક સ્તરે વિસ્તારે છે. વિભુનો અર્થ વિસ્તારવું, ફેલાવવું એવો છે.

ઋભુઓને કોઈક ઠેકાણે તેમના કાર્યની સમાનતાને કારણે ઈન્દ્રના પુત્રો તરીકે વર્ણવેલ છે માદયધ્વમસ્મે નરો મઘવાનઃ સુતસ્ય (ઋ ૭-૪૮-૧)

ઋભુ, વાજ, વિભુ ત્રણે ભાઈઓ છે એવા ઉલ્લેખો મળે છે ત્રણે સુધન્વાના પુત્ર આંગિરસના પુત્રો હતા અને તેમણે પિતાની જેમ આંગિરસ વિદ્યાથી પોતાનો આત્મ વિકાસ કરેલો હતો. ઋભુર્વિવાજ ઈતિ સુધન્વન આંગિરસ્ય ત્રયઃ બભૂવુઃ (નિ. ૧૧-૧૬)

યાસ્ક સૂર્યની રશ્મિઓને વિશ્વકરણોને ઋભુ તરીકે ગણે છે આદિત્યરશ્મયોઽપ્યૃભવ ઉચ્યતે (નિ.૧૧-૧૬) ઋભુઓ ઈન્દ્રના જ કાર્યો નિમ્નકક્ષાએ કરતા હોવાથી તેમને અભિનવઈન્દ્ર પણ કહે છે. ઋભુર્ન ઈન્દ્રઃ શવસા નવીયાન્ (ઋ ૧-૧૧૦-૭)

# ઉત્ક્રાંતિનું સાધન : ભૌતિક શરીર

પ્રકરણ - ૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

The physical substance evolves through each individual formation, and one day it will be capable of bridging the gap between the physical life as we know it and the supramental life that will manifest. Mother's Agenda - 1958 - 2811

આપણે આપણા ચૈત્યપુરુષને ભૌતિક સ્તરે પ્રકટ કરવાનાં પાંચ માધ્યમો વિકસાવેલ છે તે છે આનંદમય કોષ, વિજ્ઞાનમય કોષ, મનોમય કોષ, પ્રાણમય કોષ અને અન્નમય કોષ.

પાર્થિવ તત્ત્વમાં એવી સુષુપ્ત ક્ષમતાઓ છે જેથી તે પોતાની દ્વારા કર્મ, ભાવના, વિચાર, આંતરપ્રેરણા અને આનંદને જીવનમાં ધારણ કરી શકે અને તેનો ભૌતિક સ્તરે આવિર્ભાવ કરી શકે. આ ક્ષમતાઓ જ્યારે પ્રકટ થવા માંડે છે ત્યારે ભૌતિક પદાર્થમાં તેની જુદી જુદી કક્ષાઓ તૈયાર થાય છે. આ કક્ષાઓ વ્યક્તિગત ચેતનાની આજુબાજુ એક સંવેદનશીલ આવરણ તરીકે ગોઠવાઈ જાય છે. એક પર્યાવરણનાં વલય તરીકે ગોઠવાઈ જાય છે તેથી ચેતનાના ઉપરના ગુણધર્મોને પ્રકટ કરવાનું ભૌતિક પદાર્થ એક માધ્યમ બની જાય છે.

પરંતુ ભૌતિક પદાર્થોમાંની આ ક્ષમતાઓ જન્મથી જ વિકસિત થયેલી હોતી નથી, તેમજ તેઓ એકીસામટી પણ વિકાસ પામતી નથી. પણ ક્રમશઃ વિકસિત થઈને પ્રકટ થાય છે. અત્યારના ઉત્ક્રાંતિનાં તબક્કામાં તે ચેતનાએ અન્નમયકોષનો વિકાસ સાધી શરીરનાં સાત ધાતુઓનો આવિર્ભાવ કર્યો છે.

પ્રાણમય કોષનો વિકાસ સાધી ભૌતિકશરીર દ્વારા ભાવનાઓ વ્યક્ત કરવાની ક્ષમતા સાધી છે. મનોમય કોષનો વિકાસ સાધી શરીર દ્વારા વિચારોને પ્રકટ કરવાની ક્ષમતા કેળવી છે આ હાલની વર્તમાન અવસ્થા છે. હવે તે વિજ્ઞાનમય કોષનો વિકાસ સાધીને આંતરપ્રેરણાઓ પ્રકટ કરવાની ક્ષમતાઓ વિકસાવી રહી છે આ આંતરપ્રેરણાની ક્ષમતા મનના પણ ઉર્ધ્વ કક્ષાની અર્થાત્ તાર્કિક મનની પણ ઉપરની કક્ષાની ક્ષમતા છે, પણ આ અવસ્થામાં વ્યક્તિગત ચેતના અને વૈશ્વિક ચેતના જુદી રહે છે. વૈશ્વિક ચેતનામાંના આંદોલનો વ્યક્તિગત ચેતનામાં આંતરપ્રેરણા તરીકે પ્રવેશે છે. આ શ્રી અરવિન્દના મતે આંતરપ્રેરણાયુક્ત મન intuitive mind છે. તેની ઉપર વ્યક્તિગત અને વૈશ્વિક ચેતના એકરૂપ બને છે તેને શ્રી અરવિન્દ overmind અથવા અધિમનસ કહે છે. અહિં સુધી મનનો વિસ્તાર છે. આ અવસ્થામાં વ્યક્તિગત સ્વરૂપો પોતાની વિવિધતા ટકાવી રાખે છે. પણ વૈશ્વિક ચેતના સાથે એકરૂપ હોય છે. વૈશ્વિક ચેતનાની ઉપર વિશ્વાતીત ચેતના છે. તેની સાથે જ્યારે વ્યક્તિગત ચેતના અને વૈશ્વિક ચેતના એકરૂપતા સાધે છે ત્યારે supramantal conciousness કહેવામાં આવે છે. આ ત્રણે આગામી ઉત્ક્રાંતિનાં તબક્કા છે.

વિકાસનો અર્થ સમજાવતાં માતાજી જણાવે છે કે -

It seems that one can truely understand only when one understands with the body - 1958 - 145

knowledge for the body is to able to do - 1954 - 214

ભૌતિક પદાર્થની દૃષ્ટિએ જે ક્ષમતા તેણે વિકસાવી હોય તે જ તેની દૃષ્ટિએ જ્ઞાન છે. જો તે ભાવનાઓને અનુભવી શકતું હોય, તેને પ્રકટ કરી શકતું હોય તો, તેને ભાવના બાબતનું જ્ઞાન છે એમ કહેવાય ફક્ત વિગતવાર માહિતી એ શરીરની દૃષ્ટિએ જ્ઞાન નથી, પણ ફક્ત શબ્દમાત્ર છે. તેથી માતાજી કહે છે કે કૃતિક્ષમતા એ જ સાચું જ્ઞાન છે. વિકાસનો અર્થ આવી ક્ષમતા કેળવવી એવો થાય છે. ઉત્ક્રાંતિ એટલે આવા પ્રકારનો વિકાસ સાધવો. ફક્ત શાબ્દિકજ્ઞાન તો વાંઝણું હોય છે. તેનો જીવનમાં વાસ્તવિક ઉપયોગ બહુ ઓછો થતો હોય છે. જીવનમાં પ્રત્યક્ષ ઉપયોગમાં લેવાય એ જ સાચું જ્ઞાન છે.

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## અનુભૂતિઓ અને સૂક્ષ્મ દર્શનો

પ્રકરણ - ૯ (પૃ. ૨૮-૩૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ **ધ્યાન અને એકાગ્રતા વચ્ચે તફાવત શો છે ?**

ચેતના એક જ સ્થિતિ કે ગતિમાં રહે તેને એકાગ્રતા કહેવાય છે. શાંતિ, આનંદ, વિશાળતા આ ચેતનાની સ્થિતિઓ છે જ્યારે અભીપ્સા, પરિત્યાગ, સમર્પણ, સંકલ્પ, નામ સ્મરણ આ બધી ચેતનાની ગતિઓ છે. આ બાહ્ય મનની એકાગ્રતા હોય છે.

ધ્યાનમાં આંતર-મન આધ્યાત્મિક જ્ઞાનને અનુસરીને જ્ઞાન-દૃષ્ટિ રચી આંતર-બાહ્ય વસ્તુઓને જોવા, અનુભવવા પ્રયત્ન કરતું હોય છે. તેમાં આવતી એકાગ્રતા એ આંતરિક મનની હોય છે. બાહ્ય મન ધીમે ધીમે તેને અનુસરવા માંડે છે. સારાંશ ધ્યાનમાં એકાગ્રતા દ્વારા આધ્યાત્મિક જ્ઞાનને ઘુંટી ઘુંટીને આપણો સ્વભાવ બનાવવામાં આવે છે.

૨ **શ્રી માતાજી હંમેશા આંતર સ્વરૂપની એકાગ્ર અવસ્થામાં હોય છે તેનો અર્થ શું ?**

ઊર્ધ્વ ચેતના જ સદા એકાગ્ર ચેતના હોય છે. તે પ્રભુ સાથેની એકતા ઉપર એકાગ્ર હોય છે અથવા પ્રભુના સંકલ્પને સાકાર કરવા એકાગ્ર થએલી હોય છે. તેનું પોતાની જાત ઉપર પ્રભુત્વ હોવાથી મન, પ્રાણ, શરીર તેમાં ખલેલ પાડી શકતાં નથી. તે સર્વાંગપૂર્ણ અને આનંદમય હોય છે અને તેથી કેન્દ્રિય સત્ય ઉપર જ એકાગ્ર હોય છે.

૩ **ધ્યાન સફળ થયું એમ ક્યારે કહેવાય ?**

જો તમે હૃદયનાં ઊંડાણમાંના ચૈત્યપુરુષ સાથે અથવા મસ્તક ઉપરની ઊર્ધ્વ

- ચેતનાનો સંપર્ક સાધી તેમનું અવતરણ પોતાના બાહ્ય સ્વરૂપનાં મન, પ્રાણ, શરીરમાં કરાવી શકો તો તે ધ્યાન સફળ થયું એમ કહેવાય. સારાંશ, દિવ્ય-ચેતના સાથેનો સંપર્ક અને તેનું પોતાના સ્વરૂપમાં અવતરણ જે ધ્યાન કરાવે તેને સફળ ધ્યાન કહેવાય છે.

૪ **ધ્યાન વિના ઊર્ધ્વ - ચેતનાની અનુભૂતિ શક્ય નથી એ શું સાચું છે ?**

ધ્યાનથી ઊર્ધ્વચેતનાની અનુભૂતિ મેળવવું સરળ બને છે. આવી સરળતા સિવાય તે આવતી નથી. તેથી જ જ્ઞાન, ભક્તિ અને કર્મયોગમાં ધ્યાનને મહત્વ અપાય છે. ધ્યાનના પ્રકારમાં તફાવત હોઈ શકે છે. સક્રિય કે નિષ્ક્રિય ધ્યાન, સગુણ કે નિર્ગુણ ધ્યાન હોઈ શકે છે.

૫ શું ધ્યાન માટે નિશ્ચિત યોગાસનની જરૂર છે ?

યોગાસનથી શરીરમાં ફરતી પ્રાણશક્તિમાં વધારો થઈ તેની ઉપર સાધકનું નિયંત્રણ સ્થાપિત થાય છે. તે ધ્યાનમાં મદદરૂપ નિવડે છે. પ્રાણ ઉપરનો સંયમ ચિત્ત ઉપરના સંયમમાં મદદરૂપ થાય છે. તેથી એકાગ્રતામાં વધારો થઈ નીરવતા પ્રાપ્ત થાય છે, જે ધ્યાનને ઉપયોગી છે.

૬ **સાધકોની પ્રકૃતિ અનુસાર અનુભૂતિઓમાં ફેરફાર થાય છે કે બધાંને સરખી જ અનુભૂતિઓ આવતી હોય છે ?**

બધાં જ સાધકોના સ્વરૂપોનાં તત્ત્વો, તેમની વર્તમાન અવસ્થા સાધારણ રીતે સમાન હોવાથી તેમની અનુભૂતિઓમાં પણ સમાનતા આવે છે. પણ દરેકની વિકાસ કક્ષા જુદી જુદી હોવાથી તેમાં તફાવત પણ પડે છે. દરેકની પ્રકૃતિની ગુણવિશેષતા જ આ પ્રગતિનો વેગ નિશ્ચિત કરે છે.

૭ **અનુભૂતિ, સાક્ષાત્કાર અને સિદ્ધિ વચ્ચે તફાવત શો છે ?**

યોગસાધના દરમિયાન આવતા યોગ બાબતના બધાં અનુભવોને ''અનુભૂતિ'' કહે છે. અનુભૂતિઓનું આવાગમન થતું હોય છે, જ્યારે તે અનુભૂતિ સ્થિર સુસ્થાપિત થાય ત્યારે તેને 'સિદ્ધિ' કહે છે. સાધના દરમિયાન આવી એકથી એક ચડિયાતી સિદ્ધિ મળતી હોય છે. સાધનાના અંતિમ તબક્કામાં જ્યારે પરમ - ચેતના પોતે જ પ્રગટ થાય છે અને

સાધકનો સ્વભાવ બનવા માંડે છે ત્યારે તેને ''સાક્ષાત્કાર'' કહે છે. સિદ્ધિઓ વચગાળાનાં તબક્કા હોય છે. સાક્ષાત્કાર અંતિમ તબક્કો, અનુભૂતિઓ એ સિદ્ધિની પ્રાથમિક અવસ્થાઓ હોય છે. સાક્ષાત્કારમાં બધી જ સિદ્ધિઓ યોગ્ય સ્થાને સંવાદમય રીતે ગોઠવાઈ જાય છે. સિદ્ધિ પાસાં બાબતની હોય છે. સાક્ષાત્કાર સમગ્રતાનો, પૂર્ણતાનો હોય છે.

**૮ સૂક્ષ્મદર્શન, અનુભૂતિ અને સાક્ષાત્કાર વચ્ચે શો ભેદ છે ?**

સૂક્ષ્મદર્શન એ અનુભૂતિઓનો રૂપ સંવેદનાનો એક પ્રકાર માત્ર છે. અનુભૂતિ તો રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શ્રવણ પૈકી કોઈ પણ સંવેદના સ્વરૂપનો આવી શકે છે. અનુભૂતિ કાયમી થાય તેને સિદ્ધિ કહે છે. વિવિધ સિદ્ધિઓનો સમન્વયાત્મક એવો સમગ્ર સ્વરૂપનો પરમ - ચેતનાનો અનુભવને સાક્ષાત્કાર કહે છે. દા.ત.

૧ આંતર પ્રકાશનું દર્શન = સૂક્ષ્મદર્શન

૨ આંતર પ્રકાશનું સ્વરૂપમાં અવતરણ અને સ્થિરતા = સિદ્ધિ

૩ પ્રકાશમય જ્ઞાન સ્વરૂપ અસીમ દિવ્ય ચેતનાનો અનુભવ = સાક્ષાત્કાર

**૯ લાગણી અને સાક્ષાત્કાર વચ્ચે તફાવત શો ?**

લાગણી અનુભવાય છે પણ તેમાં દર્શન હોતું નથી. સાક્ષાત્કારમાં ફક્ત લાગણી (સંવેદના) ફક્ત દર્શન અથવા બન્ને સાથે હોઈ શકે છે. બીજું, લાગણીનો વિષય બિન આધ્યાત્મિક પણ હોઈ શકે છે અને આધ્યાત્મિક પણ હોઈ શકે છે. પણ સાક્ષાત્કારમાં આધ્યાત્મિક સંવેદનો અને દર્શનો જ હોય છે.

**૧૦ પ્રાણમય ભૂમિકા અને આધ્યાત્મિક ભૂમિકા ઉપરના સૂક્ષ્મ દર્શનોમાં શો તફાવત છે ?**

સૂક્ષ્મદર્શનો, સૂક્ષ્મપાર્થિવ, પ્રાણમય, મનોમય, અધિમાનસિક, અતિમાનસિક કક્ષાના હોય છે. અને તેમની વિશેષતા અને લક્ષણો જે તે ભૂમિકા અનુસારનાં હોય છે. તે બધાં લગભગ સીમિત રૂપનાં હોય છે

અર્થાત્ સાકાર વસ્તુના જ હોય છે. પણ આધ્યાત્મિક સૂક્ષ્મદર્શન નિરાકાર ચેતનાનું પણ હોય છે. બધાંમાં વ્યાપ્ત આત્માનું દર્શન આ સ્વરૂપનું હોય છે. તેમાં આકાર દેખાતો ન હોવા છતાં આત્મતત્વનું દર્શન તો થતું જ હોય છે, જેમ નિરાકાર આકાશનું દર્શન થતું હોય તે રીતે.

**૧૧ પ્રકૃતિનું રૂપાંતર થયા વગર ઊર્ધ્વ પ્રકારની અનુભૂતિઓ પ્રાપ્ત થવી શક્ય છે ?**

હા, પ્રકૃતિના રૂપાંતર વગર પણ અનુભૂતિઓ આવવી શક્ય છે પણ તે ફક્ત આંતર-ચેતનાની ભૂમિકાઓમાં જ આવે છે તેમનામાં પ્રકૃતિનું રૂપાંતર કરવાની ક્ષમતા હોતી નથી. કદાચ તે ભાવિ સાધનાનો માર્ગ સૂચવી શકે છે. માર્ગદર્શન આપી શકે છે, અગમચેતી આપી શકે છે.

**૧૨ શું પ્રાણમય ભૂમિકા ઉપરના સ્વપ્નો કે અનુભૂતિઓ એ શું ઉચ્ચ આધ્યાત્મિક વિકાસની નિશાની છે ?**

ના, તેવા સ્વપ્નો અને અનુભૂતિઓ યોગમાર્ગમાં ન પ્રવેશેલા લોકોને પણ આવી શકે છે. તેથી તે આધ્યાત્મિક વિકાસની નિશ્ચિત નિશાની ન ગણી શકાય.

**૧૩ શું પ્રાણમય ભૂમિકા ઉપરના સૂક્ષ્મ દર્શનો અને સ્વપ્નો ચૈતસિક ભૂમિકા ઉપર વિકાસ પ્રાપ્ત કરવામાં સહાયભૂત થઈ શકે ?**

ના, તે ભૌતિક - ભૂમિકાની પાર્શ્વભૂમિકામાં આવેલ પ્રાણમય ભૂમિકાના અસ્તિત્વની જાણ કરે છે અને તે ભૂમિકાના બળોના પોતા ઉપરના પરિણામો બાબત સભાન બનાવે છે. પણ તે ચૈતસિક ભૂમિકા તરફના વિકાસ તરફ લઈ જાય તેની ખાતરી હોતી નથી. કદાચ ત્યાં જ પ્રાણમય ભૂમિકામાં બાંધી રાખે.

પણ સંપૂર્ણ અને સમગ્ર આત્મ સાક્ષાત્કાર માટે નીચેની દરેક ભૂમિકાઓ ઉપરના અનુભવસિદ્ધ જ્ઞાનની અપેક્ષા રખાય છે.

**૧૪ શું ચૈતસિક વિકાસ વગર આધ્યાત્મિક વિકાસ શક્ય છે ?**

સાધક બે રીતે પોતાનો વિકાસ કરતો હોય છે.

(અનુ.પૃ. ૩૨ ઉપર)

# વિરોધી - શક્તિઓનું દિવ્ય - કાર્ય (૬૮)

પ્રકરણ - ૪૪
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૩૪-૧૩૭)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**તારી જાતને નિર્દય બનીને તપાસી લે. એમ કરીશ તો તું બીજાઓ પ્રત્યે વધુ ઉદાર અને દયાળુ બનશે (૬૮)**

* * * *

માતાજી : પહેલા મને લાગતું કે વિરોધી બળો મારી સાધનામાં અવરોધો નાખીને ખોટું કામ કરી રહ્યાં છે. હવે મને તેમની અનિવાર્યતા અને તેમનું ગુપ્ત સ્વરૂપ અને કાર્ય સમજાવા લાગ્યું છે. તેઓ પણ આપણને પ્રભુ તરફ જ દોરી રહ્યાં છે, પણ પોતાની રીતે આપણને સમજાવીને.

તેથી હવે વિરોધી બળોના વિનાશ કરતા પોતાની પ્રકૃતિનું ઝડપી રૂપાંતર કરવું એ જ અગત્યનું બની ગયું છે.

અજ્ઞાન, અણસમજ અને દુરેચ્છા રૂપે આ વિરોધીતત્ત્વો પણ પોતાનું કાર્ય પૂરું થતાં પોતાની રીતે વિદાય લઈ લેવાનાં છે. તેઓ પણ પ્રભુના કાર્યમાં આત્મબલિદાન આપવાનાં જ છે.

દિવ્ય-જીવન વિરોધી વસ્તુઓનું નિવારણ કરવા સમગ્ર પૃથ્વી પોતે આ અજ્ઞાન, અણસમજ અને દુરેચ્છાનો ભોગ બની મૂલ્ય ચૂકવી રહી છે.

આ સૂત્ર આ જ વાત કહે છે જ્યાં સુધી આપણા જ વિચારો, ભાવો, સંકલ્પો, કર્મોમાં પ્રભુ વિરોધી વસ્તુઓ છે, ત્યાં સુધી આપણે બીજાની ઉણપો બાબત બોલવાનો કે વિચાર કરવાનો અધિકાર નથી. જો આપણે આપણામાંના દોષ કાઢી શકતા નથી તો અન્યોમાંના કેવી રીતે કાઢી શકશું. અને તેમને મદદ ન કરી શકીએ

તો તેમની ટીકા કરવાનો આપણને શો અધિકાર છે?

વળી વિરોધી બળો તો આપણી પ્રગતિ માટે જ કાર્ય કરે છે. તેમનો નાશ શા માટે કરવો. તેના કરતાં તે જે નબળાઈઓ આપણામાં દર્શાવે છે. તેનો નાશ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

પ્રભુએ પોતાના દિવ્ય-પ્રેમ રૂપી આત્મસભાનતાને અચેતનમાં ઉતારી છે. અને અચેતન જડતામાંથી ધીમે ધીમે તે સભાનતા વધુને વધુ પ્રગટ થઈ રહી છે. જ્યાં સુધી એક અખંડ સભાનતા વસ્તુમાત્ર દ્વારા પ્રગટ નહિ થાય ત્યાં સુધી તેનું કાર્ય ચાલતું જ રહેવાનું છે.

અને એ પૂણાવસ્થાની અવસ્થા હવે અતિમનસ ચેતના તરીકે આવી પહોંચી છે. તે બધી જ દુરેચ્છા, અજ્ઞાન અને અણસમજને દૂર કરી દેશે અને પછી રહેશે જ્યોતિર્મય આનંદમય અખંડ પ્રગતિ. લોકો પોતે સ્વૈચ્છિક રીતે આવી પૂર્ણતાને ઝંખશે.

તે પૂર્ણતામાં બધા સાથેની એકરૂપતા હશે. તેમાં જ વિરોધી બળો પણ રૂપાંતર પામશે.

માનવ પોતે પોતાની રીતે, પોતાની કલ્પનાનુસાર સદાચરણી બનવાનો પ્રયત્ન કરે છે. તેમાં રહેલી અણસમજ અને અજ્ઞાન તથા તેમના મંતવ્યો મુજબનું અન્યોમાંનું અસદ-આચરણનો નાશ કરવાની દુરેચ્છા જ તેના પોતામાં દંભ તરીકે પ્રગટ થાય છે. અને તેમાંથી અન્યની ટીકા જન્મે છે. તમે સાચા અર્થમાં તમારું દિવ્ય-કર્તવ્ય કરતા નથી. અને તેથી વિરોધી શક્તિઓ આનો વિરોધ કરી તમને સાચી સમજણ આપવા પ્રયત્ન કરે છે. પણ આપણે તેમના સાચાકાર્યને સાચી રીતે મૂલવી શકતા નથી.

તેથી ધર્માત્મા બનવાનો દાવો ન કરવો. પોતે પોતાનો બોજો (રૂપાંતર કરવાનો) સમજો. તેને માટે શું કરવું જરૂરી છે તે સમજો. પોતામાં હજી અસત્ય, અપવિત્રતા છે તે સ્વીકારી લો. તમે જેટલા પ્રમાણમાં આ વિરોધી શક્તિઓનું કાર્ય સમજશો અને તેમના કાર્યની અપેક્ષા અનુરૂપ દિવ્યતા ધારણ કરશો તેટલા પ્રમાણમાં તમે તે વિરોધી તત્ત્વોનું રૂપાંતર કરી શકશો. તેમને પ્રભુને સમર્પિત કરી શકશો.

જે લોકો અંધકારમાં છે તેમની ઉપર પ્રેમ કરજો તેમને સાચી મદદ કરજો.

# આદત કરે લાચાર

પ્રકરણ - ૧૬

એક જંગલમાં એક સરોવર હતું. તેમાં રોજ બે હંસ પક્ષી આવતા. તે સરોવરમાં એક કાચબો રહેતો હતો. તે તેમનો મિત્ર બની ગયો હતો. ત્રણે આનંદથી દિવસ પસાર કરતા હતા. કાચબો ખૂબ જ વાચાળ હતો. તેનાથી વાત કર્યા વગર રહેવાય નહિ.

પણ દુર્ભાગ્યે દુકાળ પડ્યો. સરોવર સુકાવા લાગ્યું. નકરો કાદવ રહ્યો.

હંસ પક્ષી એક દિવસ કાચબાને બોલ્યા, ''દોસ્ત હવે અમારે બીજું સરોવર શોધવું પડશે. તને પણ સાથે લઈ જવાની ઈચ્છા છે. પણ કેવી રીતે લઈ જવો તે સમજાતું નથી.''

કાચબાને પણ અન્ય સરોવરમાં જવાનો વિચાર ગમ્યો. તેણે મગજ દોડાવ્યું. તેને એક યુક્તિ જડી. તેણે તે હંસ - મિત્રોને જણાવી. એક હંસ બોલ્યો : ''યુક્તિ સારી છે પણ આમાં ખતરો પણ છે.

''શો ખતરો છે?''

હંસ બોલ્યો, 'તું બહુ બટક બોલો છેને !

એ જ મોટો ખતરો છે. અમે તને લઈ જઈએ એ દરમિયાન તું મૌન રહીશ તો જ તારી યુક્તિ કામની.''

''ના, ના દોસ્ત, હું એકે હરફ નહિ બોલું બસ?''

બીજે દિવસે હંસ એક ડાળીનો કટકો લઈ આવ્યા. કાચબાએ તેને વચમાંથી પોતાના મોઢાથી પકડી અને બન્ને હંસોએ બન્ને છેડાથી. અને હંસ તો જાય ઉડ્યા.

એક પછી એક ગામ પસાર થયા. અંતે એક મોટું શહેર આવ્યું, શહેરના લોકોનું ધ્યાન ખેંચાયું. બધાં જોવા લાગ્યા. એક જણ બોલ્યો, ''હંસોએ બુદ્ધિ સરસ દોડાવી છે.''

આ સાંભળતા જ કાચબાથી રહેવાયું નહિ, ભાન ભૂલ્યો અને બોલ્યો, ''એ ભાઈ આ યુક્તિ મારી છે હંસોની નહિ.''

ત્યાં તેના મોઢામાંથી ડાળી છટકી અને કાચબો પછડાયો નીચે. તેના તો રામ રમી ગયા.

# પ્રાસંગિક

- હર્ષદ ઠકરાર

## શ્રી ચંપકલાલ નિર્વાણદિન - ૯ મે

થોડા વર્ષો પહેલા વડોદરા ખાતે યોજાતા વાર્ષિક સંમેલન દરમિયાન એક ભાઈએ પ્રશ્ન કર્યો કે શ્રી ચંપકલાલે પોંડીચેરીને બદલે જંત્રાલમાં શા માટે દેહત્યાગ કર્યો.

મેં પ્રશ્નકર્તા ભાઈને પ્રત્યુત્તર આપ્યો કે આ પ્રશ્નનો જવાબ હું શ્રી ચંપકલાલ જે દિવ્યચેતનામાં જીવન વ્યતિત કરતા હતાં તે દિવ્યચેતના પામી જાઉ ત્યારબાદ આપી શકું. માનવની મનોમય ચેતના કોઈ પણ ઘટનાની પાછળ રહેલ પરમ પ્રભુનો સંકલ્પ પામી શકે નહીં. શ્રી અરવિન્દે સમજાવ્યા મુજબ ઘટનાએ પ્રભુએ યોજલ યોજના મુજબ જ થાય છે.

"This world was not built with random bricks of chance,
A blind god is not destiny's architect;
A conscious power has drawn the plan of life,
There is meaning in each curve and line.
(Savitri : B:VI:C:II:P:460) Sri Aurobindo

શ્રી અરવિન્દે સમજાવ્યું છે તે મુજબ આ જગતનું સર્જન કોઈ આંધળા ભાગ્ય વિધાતા પ્રભુએ આડી અવળી ઈંટો ગોઠવીને કર્યું નથી. પરંતુ આ જગતનું સર્જન તો એક દિવ્ય સચેતન શક્તિ દ્વારા કરવામાં આવે છે, જેમાં જીવનની પ્રત્યેક રેખા અને વળાંકમાં અર્થ સમાએલો છે.

શ્રી ચંપકલાલના દેહત્યાગની પાછળ રહેલ ચેતનાનો પ્રત્યુતર મને શ્રી રામકૃષ્ણ મઠના બીજા અધ્યક્ષ શ્રી મહાપુરુષ મહારાજના વાર્તાલાપમાંથી પ્રાપ્ત થાય છે.

શ્રી મહાપુરુષ મહારાજ ઉંમરને કારણે નાદુરસ્ત હતા. આથી રામકૃષ્ણમઠમાંના કાશીના અધ્યક્ષે અંત સમયે કાશી આવવા વિનંતી કરે છે. આ આમંત્રણ અંગે આશ્રમના સન્યાસી પ્રશ્ન કરે છે કે આપ કાશી જશો ? તેના પ્રત્યુત્તરમાં શ્રી મહાપુરુષ મહારાજ જણાવે છે :

''ભાઈ, અમારે મન તો બધે કાશી છે; જે સ્થળે જે સ્થિતિમાં શરીર પડે એ જ સ્થળે 'કાશી પ્રાપ્તિ' છે...... ''કાશી પ્રાપ્તિ'' થાય એ માટે અંત સમયે કાશીમાં રહેવું એ બધુ તો સંસારી લોકો માટે છે, સામાન્ય લોકો માટે છે. અમે તો આ જગતના માનવ નથી. શ્રી રામકૃષ્ણદેવે અમારા પર કૃપા કરીને અમને બધુ જ આપ્યું છે. એમના ભક્ત ગમે ત્યાં દેહત્યાગ કરે એથી કાંઈ ફેર પડતો નથી.''

આપણે સૌ જાણીએ છીએ કે શ્રી ચંપકલાલ સંસારી અથવા સામાન્ય માનવ ન હતા. પરંતુ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના અનન્ય ભક્ત હતા. ભક્ત એટલે પરમપ્રભુના અસ્તિત્વના ભાગરૂપ બનવું. શ્રી ચંપકલાલ પરમ ચેતનારૂપ દિવ્યસ્વરૂપ શ્રી માતાજીના ભાગરૂપ બની ગયા હતા તે આપણને શ્રી માતાજીએ શ્રી ચંપકલાલને ૦૨.૦૨.'૬૫ના રોજ આવેલા જન્મદિનના સંદેશમાંથી પ્રાપ્ત થાય છે.

2.2.65

Champaklal

This year, I feel clearly that you have become a part of myself.

For Ever love - The Mother

ચંપકલાલ,

આ વર્ષ હું સ્પષ્ટ પણે અનુભવું છું કે તું મારા અસ્તિત્વના ભાગરૂપ બની ગયો છે.

સદાને માટે પ્રેમ -શ્રી માતાજી

શ્રી ચંપકલાલ પરમ દિવ્ય સ્વરૂપ મા ભગવતીની પરમ ચેતનાસ્વરૂપ બની ગયા હોઈ તેમને સંસારી માનવના બંધનો બાંધી શકતા નથી. સ્વામી વિવેકાનંદ

જણાવે છે તે મુજબ.

"Even time and space are as nothing compare with your nature. You can do anything and everything, you are almighty."

સ્વામી વિવેકાનંદના સમજાવ્યા મુજબ ઈશ્વરીય પ્રકૃતિની સરખામણીમાં સ્થળ અને સમય મહત્વહીન છે. પરમ ઈશ્વરીય શક્તિ કઈ પણ કરી શકે અને સર્વ કાંઈ પણ કરી શકે છે. તે મુજબ પરમ ચેતનામય અસ્તિવ ધરાવતા શ્રી ચંપકલાલ કંઈ પણ કરી શકે, તેમને સંસારી જીવનના સ્થળ અને કાળના બંધનો બાંધી શકે નહીં.

શ્રી ચંપકલાલ પરમ ચેતનામય બની ગયા હોઈ તેમને સંસારી જગતના ભેદભાવ સ્પર્શી શકે નહીં. પરમ ચેતના માટે આ જગત તેનું સર્જન હોઈ પ્રત્યેક સ્થળ તેના માટે દિવ્ય સ્થળ છે. પરમ ચેતના માટે પોંડિચેરી કે અન્ય કોઈ પણ સ્થળ વચ્ચે ભેદભાવ ન હોય. પ્રત્યેક સ્થળ પરમ ચેતના માટે સમ્યક હોય.

જે પરમચેતના પોંડિચેરીમાં અસ્તિત્વ ધરાવે છે તે જ પરમચેતના પોતે સર્વવ્યાપી હોઈ પ્રત્યેક સ્થળે પોતની શક્તિમત્તા ગુમાવ્યા વિના અસ્તિત્વ ધરાવે છે. આથી શ્રી ચંપકલાલે પોંડિચેરીને બદલે જંત્રાલમાં દેહત્યાગ કર્યો તો તેમની શક્તિમત્તામાં ઘટાડો થયો નથી.


શ્રી ચંપકલાલના દેહત્યાગને પ્રભુની કૃપાની મહોર છે. શ્રી ચંપકલાલ વિશે શ્રી માતાજી જણાવે છે :

" To bring down Immortality four pillars are needed,. of them..... Aspiration is Champaklal." - The Mother

‘‘અમરત્વનું અવતરણ કરાવવા માટે ચાર આધાર સ્તંભો જરૂરી છે. એ ચાર માનો એક આધાર સ્તંભ..... અભીપ્સા એ ચંપકલાલ છે.’’

– શ્રી માતાજી

શ્રી અરવિન્દે ‘મા’ પુસ્તકમાં જણાવ્યું છે કે, ‘‘એવી બે જ શક્તિઓ છે જેમના કાર્યોનો યોગ થાય તો આપણી યોગસાધનાના મહાન કષ્ટ સાધ્ય
(અનુ. પૃ.૧૫ ઉપર)



# શ્રી અરવિંદ

In the mute strength of the occult Idea,
Determining predestined shape and act,
Passenger from life to life, from scale to scale,
Changing his imagined self from form to from.
He regards the icon growing by his gaze,
And in the worm foresees the coming god.
Shri Auribindo (Savitri - B-1, C-3, P.-23)

## પ્રભુ - સંકલ્પનું ગૂઢ કાર્ય

પ્રભુનો ગૂઢ-સંકલ્પ આત્મામાં વસે, ને મૂક - શક્તિ બની સંચાલિત કરે,
હર જીવને અલગ રૂપો ને કાર્ય કરે, પ્રવાસી બની અવનવાં જીવન ધરે,
વિભિન્ન યોનિઓમાં ફરતો રહે, ને હરજન્મે બાહ્યરૂપો અલગ ધરે,
આત્મા દિવ્યાંશને વિકસાવતો રહે, ને જંતુમાં ભાવિ પ્રભુની છબી જુએ.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

## ચાતુર્વણ્ય : વૈશ્ય

દાનં વ્યયઃ કૌશલં ભોગલિપ્સા વૈશ્યશક્તિઃ ।।

Records on Yoga

**વૈશ્ય આવિર્ભાવ મહાલક્ષ્મી તણો, આપે સુવિધા ને સગવડ,**
**ધન-શક્તિનો વાહક બની, ભાંગે લોકોની અગવડ.**
**લોકોનું ધન મેળવી, કરે બહોળો વેપાર,**
**તેમાંથી ધનાર્જન કરી, ફરી આપે ધન અપાર.**
**વધારાનું ધન આપે દાનમાં, કરે સમાજ-વિકાસ,**
**ખર્ચ કરે ધન મેળવી, એ કૌશલ્ય તેનું અભિજાત.**
**ધન પોતાનું ભોગવે, સમૃદ્ધિનો નહિ પાર,**
**પણ પોતાને તૃપ્ત કરી, અન્યને તૃપ્તિ દેનાર.**
**વિશનો અથ પ્રવેશવું, જે જીતે અન્યના દિલ,**
**સુખસગવડ આપીને, રહે હૃદયમાં નિતદિન.**

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

સહજ સત્સંગ માસિક
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

પુસ્તકો
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત